# પ્રકરણ-૫ : માલધારીઓનાં લોકવાઙ્મયનો તુલનાત્મક અભ્યાસ :

## પ્રસ્તાવના :

ગુજરાતમાં ગીર, હાલાર, પંચાળ અને કચ્છ-બન્ની મળીને કુલ ચાર વિસ્તારમાં માલધારીઓ વર્ષોથી વસવાટ કરે છે. ગીર, હાલાર, પંચાળમાં રબારી, ભરવાડ, ચારણ અને આહીર જ્ઞાતિના લોકો માલધારીઓ છે. જ્યારે કચ્છ-બન્નીમાં મુસ્લિમ જાતિના માલધારીઓ છે. આમ, એક જ રાજ્યના જુદા-જુદા વિસ્તારમાં વસતા માલધારીઓના લોકજીવનમાં અભ્યાસ પરથી કયાંક સામ્યતા તો ક્યાંક ભિન્નતા જોવા મળી છે. આવી ભિન્નતા પ્રદેશની વિશેષતાને કારણે કે જ્ઞાતિના કારણે હોય પણ આ ભિન્નતા જ એમની લોક સંસ્કૃતિનું પરિચાયક બની છે. આ પ્રકરણમાં ચારેય પ્રદેશના માલધારીઓના રહેઠાણ, પહેરવેશ, વ્યવસાય, રીતરિવાજો, શિક્ષણ, લોકકલા અને લોકસાહિત્યમાં જે સામ્યતા અને ભિન્નતા રહેલી છે. તેમનો ઉંડાણથી અભ્યાસ કરી તેમની તુલના કરવાનો ઉપક્રમ છે.

## રહેઠાણ :-

ગીરના જંગલમાં વસતા માલધારીઓમા મુખ્યત્વે ભરવાડ, આહીર, રબારી અને ચારણ જ્ઞાતિના લોકો તેઓ પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલ છે. પૂરક પ્રવૃત્તિ ખેતી છે. ગીરના જંગલમાં વસતા માલધારી સમાજની અન્ય સમાજે ઉપેક્ષા કરી છે. તેઓ જંગલમાં કાચા ઘાસ, માટીના બનાવેલા ઝૂંપડામાં વસે છે. જેને 'નેસડા' કહે છે. સેંકડો વર્ષોથી માલધારી પ્રજા ખેડૂત પ્રજાના હાથ તળે જીવતી આવી છે. ગીરના જંગલમાં આવા ૬૦ થી ૮૦ જેટલા જુદા-જુદા નેસ આવેલા છે. ક્યાંક પાંચ- તો ક્યાંક ત્રણ અને ક્યાંક સાત-આઠના સમૂહમાં તેઓ વસવાટ કરે છે. ગીરના માલધારીઓ નેસડાની બાજુમાં કાંટાળી ઝોક ઊભી કરે છે. તેના પશુઓને રાત્રિ દરમ્યાન પૂરવામાં આવે છે. જરૂરિયાત મુજબના ડામ વાસણ અને ગોદડા-ગાદલા અને જીવન જરૂરિયાત ચીજવસ્તુઓ તેઓ પોતાના માટીના બનાવેલા નેસમાં રાખે ઝૂંપડાની ઉપર ઘાસ પાથરેલુ હોય છે માલધારીનું જીવન આમ પેઢી દર પેઢી ચાલ્યા કરે છે. ઘણા માલધારીઓએ આખા જન્મ દરમ્યાન મોટુ શહેર જોયુ હોય નહી! સવારથી સાંજ જંગલમાં પશુઓ સાથે ભટકવાનું અને સાંજે ઘરે આવીને સૂઈ જવાનું હોય જ્યારે હાલારના માલધારીઓના લોકજીવન તરફ દ્રષ્ટિપાત કરતા જણાય છે કે અહીના માલધારીઓ મુખ્યત્વે જામનગર, કલ્યાણપુર અને જોડિયા તાલુકામાં મોટાભાગના માલધારીઓ વસવાટ કરે છે. આ ઉપરાંત બરડો ડુંગર અને આલેચના ડુંગરામાં અગરવચ્છા ચારણો વસવાટ કરે છે. ગીરના માલધારીઓ કરતા અહીંયા માલધારીનું લોકજીવન જુદુ તરી આવે છે. ગીરમાં વસતા માલધારીઓ સ્થાયી છે તેઓ વર્ષોથી વસવાટ જે તે નેસમાં કરે છે. જ્યારે હાલારના માલધારીઓ ચોમાસામાં જ હાલારમાં જોવા મળે છે. બાકીના આઠ મહિના પોતાના પશુઓ લઈને 'વાંઢયે' નીકળી જાય છે. ભાણવડ તાલુકામાં બરડાની આસપાસનો મુલક બારાડી પ્રદેશ.

માલધારીઓનું નિવાસ સ્થાન છે. ત્યાં સોરઠિયા રબારીઓ વર્ષોથી ભેંસો લઈને નિવાસ કરે છે. જયારે આલેચના ડુંગરમાં અગરવચ્છા ચારણો નાના-મોટા ડુંગરાની કોતરોમાં નેસ બાંધીને પશુપાલનનો વ્યવસાય કરે છે. તેમના નેસ એટલે કે ઝૂંપડા તળિયેથી લંબચોરસ હોય છે ને ઉપરથી ગોળાકાર હોય છે. લાકડાની ખપાટોથી ભીંત બનાવીને માટીથી તેને ચણે છે. દીવાલ તથા ભોંયતળિયું ગાર્યથી લીંપે છે, અને ખડીથી અજવાળે છે. ઝૂંપડા ઉપર ઘાસ-પાનનું છજુ કરે છે. અગરવચ્છા ચારણોને પશુપાલન સિવાય બીજુ કાંઈ આવતું નથી. વર્ષોથી એકને એક વ્યવસાય સાથે જોડાયેલા છે. તેમના રીત-રિવાજો, રહેણી-કરણી, ખાનપાન પણ અન્ય માલધારી સમાજ કરતા જુદી તરી આવે છે.

ગીરના જંગલોમાં માત્ર માલધારીઓ જ વસવાટ કરે છે. અન્ય પ્રજા વસવાટ કરતી નથી. જ્યારે હાલાર પ્રદેશમાં કાઠી, જાડેજા, લુવાણા, મેમણ, ખોજા વગેરે વેપાર કરતી પ્રજા તેમજ કારીગર તથા મજૂર વર્ગ રહે છે. હાલારના માલધારીઓ શ્રીકૃષ્ણ સાથે ગોકુળ-મથુરા થઈને ફરતા-ફરતા છેક દ્વારિકામાં આવી પહોંચ્યાં. તેમાંથી કેટલાક માલધારીઓ ઉત્તર ગુજરાતમાં રોકાઇ ગયા. તેઓ દેસાઈ માલધારીઓ તરીકે ઓળખાય છે. મચ્છુ કાંઠે રોકાયા તે મચ્છોયા ભરવાડ કહેવાયા અને ત્યાંથી હાલારનાં ઝાલાવાડમાં મોટાભાઈ અને નાનાભાઈ ભરવાડ એવા બે વિભાગ પડયા. મોટાભાઈ ભરવાડ હાલારમાં વસ્યા અને નાનાભાઈ ભરવાડ ઝાલાવાડમાં વસ્યા. એમાંથી થોડાક બાકી રહેલા માલધારીઓ શ્રીકૃષ્ણ સાથે દ્વારિકા સુધી આવ્યા જે ભોપારબારી કહેવાયા. આમ, હાલારમાં માલધારીઓની મુખ્ય ત્રણ જાતિ જોવા મળે છે. (૧) રબારી (૨) ભરવાડ અને (૩) અગરવચ્છા ચારણ.

પંચાળના માલધારીઓ ગુજરાતના સુરેન્દ્રનગર, રાજકોટ અને ભાવનગર જિલ્લાના ત્રિભેટાનો નાની-મોટી ટેકરીઓથી શોભતો પ્રદેશ ‘પંચાળ’ તેને ‘કાંગો’ પણ કહે છે. ત્યાં વસવાટ કરે છે. આ પ્રદેશ દેવભૂમિ તરીકે પણ ઓળખાય છે. ગીર તેમજ હાલારના માલધારીઓ કરતા પંચાળનો માલધારી ખૂબ જ ગરીબ છે. અહીં મોટાભાગની વસ્તી ગામડામાં રહે છે. પંચાળમાં બ્રાહ્મણ, વાણિયા, લોહાણા, ભવાયા, રાવળ જેવી જાતિઓ પણ વર્ષોથી વસવાટ કરે છે. માલધારી જાતિ ભરવાડ, આહીર, ચારણ, રબારી જેવી જાતિ સંખ્યાની દષ્ટિએ ત્રીજો ક્રમ આવે છે. અહીંના માલધારી સમાજને અન્ય સમાજ ભરવાડ, ભૂત કે ગોબા જેવા બિરુદથી સંબોધે છે. ગામને છેવાડે તેના નિવાસ હોય છે. મોટાભાગના માલધારીઓ કાચા મકાનોમાં રહે છે. સાંપ્રત સમયમાં કોઈ-કોઈ માલધારીને એકાદ મકાન પાકુ જોવા મળે. પંચાળમાં ૬% વસ્તી માલધારી સમાજની છે. શ્રીકૃષ્ણ સાથે જાદવ અને તેના ત્રણ પુત્રો સૌરાષ્ટ્રમાં આવેલા જેમાં માટિયા અને ધ્રાગિંયા શાખાઓ થઈ. જાદવ ગોત્રની પંદર શાખાઓ પંચાળમાં વસે છે. સૌથી વધુ માલધારીઓની વસ્તી રાજકોટ જિલ્લામાં છે. પંચાળમાં સૌથી વધારે વસ્તી મોટાભાઈ ભરવાડની ત્યારપછીના ક્રમે રબારીઓ અને ત્રીજાક્રમે નાનાભાઈ ભરવાડની વસ્તી ગણી શકાય. રબારી જ્ઞાતિ ભરવાડ જ્ઞાતિ જેટલી સંકલિત નથી. એટલે રબારી જ્ઞાતિના પગરણા વિશે માહિતી મળતી નથી.

કચ્છ-બન્નીમાં વસતા માલધારીઓના લોકજીવન પર નજરઅંદાજ કરતા જણાય છે કે બન્નીના ગામડામાં વસનારો માલધારી બહુધા મુસ્લિમ છે. પાકિસ્તાનના સિંધ પ્રદેશમાંથી આવીને કચ્છના બન્ની વિસ્તારમાં વસવાટ કર્યો. ઈસ્લામી આક્રમણના કારણે ત્યાં વસ્તી મૂળ હિન્દુ પ્રજાએ પણ ઈસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો. આમ, અહીના માલધારીઓમાં હિન્દુ-મુસ્લિમ બન્ને સંસ્કૃતિના લક્ષણો જોવા મળે છે. બન્નીના લોકજીવન પર અસર કરનારી બાબતોમાં ધાર્મિક સામાજિક, આર્થિક, સામાજિક રૂઢિઓ તેમજ કલા, સ્થાપત્ય વગેરેન ગણાવી શકાય. બન્નીમાં ભિન્ન-ભિન્ન જાતિઓ સમયાંતરે આવીને વસી છે. કાઠી, આહીર, જત, રબારી જેવી જાતિઓ અહીં વસવાટ કરે છે. ખેતી અને પશુપાલન જેવા વ્યવસાય સાથે જોડોલા છે. બન્નીમાં ગુજરાત, રાજસ્થાન-મહારાષ્ટ્ર, સિંધ વગેરે રાજ્યોમાંથી અલગ-અલગ જાતિઓ આવીને તેમનું સાંસ્કૃતિક મિલન થયુ. આવી વર્ણશંકર જાતિ અને પ્રજામાંથી અનેક સંસ્કૃતિઓનું સંમિશ્રણે એક આગવી લોકસંસ્કૃતિનું નિર્માણ થયુ. જે બન્નીયરોની સંસ્કૃતિ તરીકે નવી ઓળખ ઊભી કરી છે. બન્નીના મુસ્લિમ માલધારીઓ ગાયને પાળે છે. ગાયનું માંસ ખાતા નથી. અહીંના બન્નીયરો હસ્તકળા અને હુન્નરકળામાં આગળ પડતુ સ્થાન ધરાવે છે. બન્નીમાં મુખ્યત્વે જત, મુતવા, હોલેપાત્ર, રાયસીપોત્રા, બંભા, પઠાણ વગેરે મુસ્લિમ માલધારીઓ ઉપરાંત ખત્રી, કુંભાર પારધી, મારવાડી, હરિજન વણકર વગેરે પ્રજા વર્ષોથી વસવાટ કરે છે. આમ ગાયોના રક્ષક માલધારીઓ જ બન્નીની સાચી ઓળખ છે. રહેઠાણની બાબતમાં જોઈએ તો ગીર અને હાલારમાં આવેલા બરડા અને આલેચના માલધારીઓ નેસડામાં રહે છે. જ્યારે પંચાળના માલધારી કાચા મકાનોમાં રહે છે. જ્યારે બન્નીનો મુસ્લિમ માલધારી ‘ભૂંગા’માં રહે છે. બન્નીના માલધારીઓ જયાં પાણીની સગવડતા હોય ત્યાં નાની-મોટી વસાહત ઊભી કરે છે. જેને વાંઢ કે ‘ઝીલ’ કહે છે. બન્નીમાં આવા એકાવન વાંઢો છે. વાંઢની અંદર માલધારીઓ રહેવા માટે જે મકાનો બનાવે છેને ‘ભૂંગા’ કહે છે. ભૂંગા કાચી માટીના ગોળાકાર ઝૂંપડા છે. જેને વાંસને ટેકે ઊભા કરવામાં આવે છે. તેની છત મજબૂત કરેલી છે. શિયાળામાં ઠંડી કે ઉનાળામાં ગરમી કે ચોમાસામાં વરસાદનો અહેસાસ થતો નથી. ભૂંગા વિવિધ આકારના બનેલા હોય છે. તેને નયનરમ્ય રંગોથી લીપવામાં આવે છે. બહારથી એકસમાન લાગતા ભૂંગા અંદરની ડિઝાઈનમાં વિવિધતા જોવા મળે છે. આમ બન્નીના માલધારીઓના ભૂંગાની બાંધણી અને તેમાં હૃદય રેડીને પૂરેલા રંગો જોઈને ખરેખર મનમોહક લાગે છે. સાંપ્રત સમયમાં તો ધનવાન માલધારીઓના ભૂંગામાં સોફાસેટ, ટી.વી. ડાઈનીંગ ટેબલ જેવું રાચરસીલું પણ જોવા મળે છે. પરંતુ પરંપરાગત ભૂંગામાં પાટલો, પાથરણા ધડકી, કે શેત્રુંજી જેવી ચીજવસ્તુઓ અવશ્ય જોવા મળે.

**પહેરવેશ :-**

ગીરના માલધારીઓના વસ્ત્રાભૂષણમાં વિવિધતા જોવા મળે છે. અહીંના માલધારીઓ પહેરવેશ પરથી પરખાય છે. તેઓ સફેદ ચોરણી ઉપર સફેદ કેડિયુ અથવા સફેદ બંડી અને ખંભે ધાબળો અને હાથમાં આંટાવાળી કડિયાળી ડાંગ અને માથે પાઘડી બાંધેલી તેમજ પગમાં વજનદાર બૂટ અને તેની નીચે લોખંડના નાલ જડેલા હોય છે. રસ્તા પર ચાલે ત્યારે ખસડક-ખસડક રણકાર ઉત્પન્ન થાય છે. જ્યારે હાલારના માલધારીઓમા પહેરવેશમાં સૌ પ્રથમ ભોપા રબારીઓ માથા પર ખેલખાયુ બાંધે છે. પુરુષો મોટો ચોરણો અને ધોતિયું પહેરે છે. ઉપર ભરત ભરેલુ કડિયું કે આંગડી પહેરે છે. ઊંટ પાછળ ફરનારો રબારી ધોતિયું પહેરે જેને પછેડો કહે છે. ખંભે ધાબળો અને લાંબી મોટી લાકડી હાથમાં માલધારીઓમાં સમાન છે. સોરઠિયા રબારીઓની વિશેષતા અને જુદાપણુ એ છે કે તેઓના કડિયા પાછળ પટ્ટીવાળા, કસવાળાને ઘેરદાર હોય છે. અને કેડિયાની બાંય હાથ કરતાં એક ફૂટ લાંબી હોય છે. તેના કાંડા પર કપડાની કરચલી પડેલી જોવા મળે છે. તેવું જ તેમની ચોરણીમાં પણ માપ કરતા વધુ લંબાઈની સીવડાવવામાં આવે છે અને સાથળની આસપાસ વધારે ઘેર જોવા મળે છે. તેમની બંડી પણ રંગબેરંગી દોરાથી ભરેલી જોવા મળે છે. હાલારના ભરવાડોમાં માથા પર ઊનની ધાબળી બાંધવાની પ્રથા છે. તેઓ પડછિયુ કે પાણકોરાનું ધોતિયુ પહેરે છે. શ્રીકૃષ્ણ સાથે આવ્યા હોવાથી સીવેલા વસ્ત્રો પહેરતા નથી. કેટલાક ભરવાડો પહેરે છે. અહીંના બરડામાં વસતા અગરવચ્છા ચારણો મોટે ભાગે ઉપરનું અંગ ખુલ્લુ રાખે છે. કોઈ કોઈ યુવાનો કડિયુ પહેરે છે. ખંભા પર પાણકોરાનો ખેસ નાખે છે. માથે પાઘડી બાંધે છે.

પંચાળના માલધારીઓના પહેરવેશમાં જુદા પણ તેમની પાઘડીમાં જોવા મળે છે. તેઓની પાઘડી સવળા કે અવળા આંટાની ગોળ પાઘડી માથે બાંધેલી હોય છે. પાઘડી પરથી પંચાળનો માલધારી ઓળખાય છે. તરણેતરના મેળામાં હાથમાં છત્રીઓ રાખી મેળો મહાલતો માલધારી અન્ય પ્રદેશના માલધારી કરતા જુદો જણાય છે. અહીના ભરવાડો ખંભે લીલી અથવા લાલ લૂંગી રાખે છે. અહીંના મોટાભાગના માલધારીઓ ચોરણી, કડિયુ, બંડી, મેલખાયુ તેમા સમાનતા જોવા મળે છે. સૌથી જુદાપણુ બન્નીના માલધારીઓના પહેરવેશમાં જોવા મળે છે. અહીં વરસાદનું પ્રમાણ ઓછુ હોવાથી ગરમી વધારે પડે છે. અહીંના મુસ્લિમ માલધારીઓ પોત, સલવાર અને ખુલતા કપડા ધારણ કરે છે. માથાના રક્ષણ માટે રંગબેરંગી રૂમાલ કે માથાબંધણું બાંધે છે. પશુપાલનનો વ્યવસાય હોવાથી સવારથી સાંજ સુધી પશુ પાછળ ફરનારો માલધારી પગમાં ચામડાના મજબૂત બૂટ પહેરે છે.

આમ, પુરુષોના પહેરવેશમાં ગીરના માલધારીઓના ખંભે ધાબળી જોવા મળે છે. જ્યારે પંચાળના માલધારી લીલી કે લાલ લૂંગી રાખે છે. ઘણા પંચાળી યુવાનો લીલી કે લાલ રંગની ‘કાછડી’ પહેરેલા પણ જોવા મળે છે. જ્યારે કચ્છ અને હાલારના માલધારીઓ ખભે કાંઈ રાખતા નથી. વિવિધ

પ્રદેશમાં પુરુષોના પહેરવેશમાં હાલારનો માલધારી ચોરણી નથી પહેરતા તેઓ પડછિયુ કે પાણકોરુ પહેરતા જોવા મળે છે. જ્યારે અગરવચ્છા ચારણોમાં શરીરના અંગ ઉપર કપ્ડુ નથી પહેરતા અને માથા પર ખંભાતી પાઘડી પહેરેલા જોવા મળે છે.

ગીર અને પંચાળની સ્ત્રીઓ બન્ને ભરત ભરેલું કપ્ડુ પહેરે છે. પરંતુ ગીરની સ્ત્રીઓ કાળી જીમી પહેરે છે જ્યારે પંચાળની સ્ત્રીઓ લાલ રંગની જીમી પહેરે છે. બન્ને પ્રદેશની યુવાન સ્ત્રીઓ ચણિયા ચોળી, ઘાઘરો, લાલ રંગની ઓઢણી ઓઢે છે. ગીરની પ્રૌઢ સ્ત્રીઓ કાળા રંગનું ઓઢણું ઓઢે છે. જ્યારે પંચાળની નારી માથે ચુંદડી અને ભરેલો 'લાલકિયો' ઓઢે છે. તો હાલારમાં વસ્તી તમામ માલધારી જાતિની સ્ત્રીઓ પહેરવેશ પરથી પરખાય છે. ભોપા રબારી, સોરઠિયા રબારી કે ભરવાડ સ્ત્રીઓ કાપડા ત્રણેય નારીઓ ભરતકામ કરેલા પહેરે છે. માત્ર અગરવચ્છા ચારણની સ્ત્રીઓ ભરેલા કપડા પહેરતી નથી. ભોપા રબારી, સોરઠિયા રબારી અને ભરવાડ તેમજ અગરવચ્છા ચારણ આ ચારેય અલગ-અલગ જ્ઞાતિની સ્ત્રીઓ છે. પરંતુ મૂળ તો માલધારીઓ જ કહેવાય તેમના માથે ઓઢવાના કપડા ભિન્ન-ભિન્ન છે. ભોપા રબારીમાં સ્ત્રીઓ ઊનની બાંધણી ઓઢે છે. તો સોરઠિયા રબારી સ્ત્રીઓ માત્ર ઊનની લાલ ધાબળી અને ભરવાડ નારીઓ કાળા રંગની ધાબળી ઓઢે છે અને અગરવચ્છા ચારણની સ્ત્રીઓ માથે લાલ રંગની ધાબળી તેને 'સુંવાલિયો' કહે છે તે ઓઢે છે. ભોપા રબારીની સ્ત્રીઓ ઘાઘરાને બદલે સીવ્યા વગરની કાળા ચાંદલાની ભાતવાળી પછેડી પહેરે છે. તો સોરઠીયા રબારીની સ્ત્રીઓ લાલ છેડાવાળી જીમી પહેરે છે અને ભરવાડ સ્ત્રીઓ કાળી જીમી પહેરે છે. જયારે અગરવચ્છા ચારણની સ્ત્રીઓ કાળા રંગનું પેરણુ ચણિયાને બદલે પહેરે છે.

સૌરાષ્ટ્રના ત્રણેય પ્રદેશની માલધારી સ્ત્રીઓ કરતા કચ્છ-બન્નીની મુસ્લિમ માલધારી સ્ત્રીઓના પહેરવેશ અલગ તરી આવે છે. અહીની બન્ની સ્ત્રીઓ ભરત ભરેલા ઘેરદાર ચણિયાચોળી અને માથે ઓઢણી ઓઢે છે તેમના કાપડામાં વિવિધ રીતે ભરતકામ કરેલું જોવા મળે છે. પ્રોઢ સ્ત્રીઓ ભૂરા રંગનું કપડું પહેરે. જયારે યુવાન સ્ત્રીઓનું કાપ્ડુ વિવિધ રંગોનું તેમજ ઘાઘરામાં વિવિધ ડિઝાઈન અને અલગ-અલગ દોરાથી ભરતકામ કર્યું હોય છે. તેમની ઓઢણી તથા ઘાઘરામાં વચ્ચે વચ્ચે લાલ, પીળા, લીલા હીરની સાથે આભલાં ટાંકવામાં આવે છે.

**અલંકાર :-**

ગીર, પંચાળ અને હાલારના માલધારી પુરુષોના કેડે ચાંદીનો કંદોરો અવશ્ય જોવા મળે છે. કચ્છ-બન્નીના મુસ્લિમ માલધારીઓ કંદોરો પહેરતા નથી. પંચાળ અને ગીરના માલધારીઓ આર્થિક રીતે પછાત છે. પુરુષોમાં હાથમાં ચાંદીનું કડુ અવશ્ય પહેરે છે. સોનાના બટન કે સાચા મોતીની કંડી, વેઢ કે વીંટી અમીર માલધારીઓ પહેરે છે. વનવગડે વિહરવાનું હોવાથી ઘરેણા ખૂબ ઓછા પહેરે છે. વાર-

તહેવારે કે લગ્ન પ્રસંગે ઘરેણા પહેરેલા માલધારીઓ જોવા મળે છે. હાલારના ભોપા રબારી કાનમાં ઠોળિયા અને કાનની બુટ્ટી ઉપર સોનાના ફૂલ અને કાનની ઉપર બુટીમાં સોનાના ચાંપવા પહેરે છે. જે અન્ય પ્રદેશના માલધારીઓ પહેરતા નથી. જયારે કચ્છી-બન્નીના માલધારીઓ ઘરેણા પહેરવાના શોખિન નથી. બન્નીના મુસ્લિમ માલધારીઓ પહેરણમાં સોનાના બટન પહેરે છે. જેને 'આભાના ભૂટાન' તરીકે ઓળખે છે અને કચ્છી માડુ કાનમાં વચ્ચે સોનાનું 'કડકુ' ધારણ કરે છે. આ કડકુ ધારણ કરેલા માલધારીઓ માત્ર બન્નીમાં જ નજરે જોવા મળે છે. વૃધ્ધ લોકોના ગળામાં પીત્તળની કે ચાંદીની ખોતરણી અવશ્ય જોવા મળે. જેમ હાલારના યુવાન અગરવચ્છા ચારણો ગળામાં ચાંદીની કે સોનાની તલવાર પહેરે છે તેમ. આમ, અલંકારો પુરુષવર્ગ ખૂબ ઓછા ધારણ કર છે.

પુરુષો કરતા સ્ત્રીઓ ઘરેણા પહેરવાની શોખિન હોય છે. ગીર અને પંચાળની માલધારી સ્ત્રીઓ ડોકમાં હાંસડી, સોનાની કંઠી, માળા વગેરે પહેરે છે. જ્યારે હાલારની સ્ત્રીઓ ગળામાં 'રામનામી', 'સરનામી' કે પાંચ સેરની માળા પહેરે છે. ત્રણેય પ્રદેશની લોકનારીઓ નાકમાં સોનાની નથ, વાળી કે ચૂક ધારણ કરે છે. જ્યારે કચ્છ બન્નીની મુસ્લિમ માલધારી સ્ત્રીઓ નાકમાં તંગલ ધારણ કરે છે. કચ્છ-બન્નીની સ્ત્રીનું નાકનું આ મહત્વનું ઘરેણુ ગણાય છે. જે અન્ય પ્રદેશની સ્ત્રીથી અલગ તરી આવે છે. ગીર, હાલાર અને પંચાળની માલધારી સ્ત્રીઓ પગમાં કાંબી, કડલા, ઝાંઝર એક સમાન ઘરેણા પહેરે છે. પરંતુ હાલારની ભરવાડ નારીઓ હાથ-પગની આંગળીમાં ચાંદીના કરડા, વીંટી કે કબૂતર પહેરે છે. અહીની સ્ત્રીઓ છૂંદણા ત્રોફાવવાની શોખિન છે. હાથ-પગ અને પગની પીંડીમાં તેમજ મોઢા પર છૂંદણા ત્રોફાવે છે. કચ્છ-બન્નીની સ્ત્રીઓ સૌથી વધુ ઘરેણા પહેરે છે. ગીર, હાલાર અને પંચાળની સ્ત્રીઓ હાથીદાંતના બલોયા હાથમાં પહેરે છે. જ્યારે બન્નીની મુસ્લિમ માલધારી સ્ત્રીઓ હાથમાં ચૂડા પહેરે છે. કાંડાથી લઈને કોણી સુધીના હોય છે. કાનમાં વેઢલા, હાથમાં ભોરીંડા અને માથામાં દામણી પહેરે છે. દામણીની સેર કપાળની બન્ને બાજુ લટકતી અને મધ્યમાં દામણીનું નંગ, મોતી, રંગીન પથ્થર, ઘૂંઘરી વગેરેથી ખૂબ જ નક્શીદાર બનાવવામાં આવે છે. જે સૌદર્યમાં વધારો કરે છે.

**વ્યવસાય :-**

વ્યવસાય અંગે ગીર, પંચાળ, બન્ની અને હાલારના માલધારીઓમાં વિવિધતા રહેલી છે. ગીરમાં વસતા માલધારીઓનો મુખ્ય વ્યવસાય પશુપાલન અને પૂરક પ્રવૃત્તિ ખેતી છે. ગાય, ભેંસ ચારવા તેનું સંવર્ધન કરી દૂધ વેચવું તે તેમનો મુખ્ય વ્યવસાય છે. દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં પોતાની ગાયો-ભેંસો લઈને લીલો ઘાસચારો મળી રહે તેવા પ્રદેશમાં વસવાટ કરે છે. શિક્ષણનું પ્રમાણ ઓછુ હોવાથી અન્ય વ્યવસાયમાં જતા ડરે છે. છતાં સમય સાથે તાલ મિલાવી ગીરના ઘણા માલધારીઓ નજીકના શહેરમાં ચાની હોટેલ, દૂધની ડેરી, પાનનો ગલ્લો જેવા નાના મોટા વ્યવસાય તેમજ માલ-સામાન અને

મુસાફરોની હેરાફેરી માટે તેમજ દૂધના વેચાણ માટે ટેમ્પો, રીક્ષા ચલાવતા થયા છે. જ્યારે હાલારના ભોપા રબારીઓમાં મુખ્ય વ્યવસાય ઘેટાં-બકરાની ઊન વેચવાનો છે. સમયને અનુરૂપ હાલમાં ઘણાય ભોપા રબારીઓ દૂધ, માવો વેચતા થયા છે. નાની-મોટી હોટલોના માલિક બન્યા છે. સોરઠિયા રબારીઓમાં શિક્ષણનું પ્રમાણ સારું ગણાય. છેલ્લા બે દાયકામાં શિક્ષણથી કોઈ વંચિત નથી. મુખ્ય વ્યવસાય પશુપાલન છે. ઘેટા-બકરાં, ગાય-ભેંસ ઉછેરીને મોટા કરવા તેમજ દૂધ અને દૂધની બનાવટો શહેરમાં જઈને વેચીને ગુજરાન ચલાવવું. સોરઠિયા રબારીઓ સાહસિક છે. કોઠાસૂઝ વાળા અને બહાદુર છે. હાલારમાં રબારીઓની ધાક જોવા મળે છે. આજે ઘણા રબારીઓ રૂપિયાની લેતી-દેતીનો વ્યવસાય હાલારમાં કરે છે. શહેરમાં જઈને ચાની લારી, દૂધની ડેરી, વાહન ટ્રાન્સપોર્ટના વ્યવસાય કરતા પણ નજરે જોવા મળે છે. હાલારના ભરવાડો પણ ભોપા રબારીની જેમ ઊન વેચીને ગુજરાન ચલાવે છે. શહેરોમાં ગાય-ભેંસ દોહવાનું કામ પુરુષો કરે છે. આ ઉપરાંત ખેતી અને પશુપાલન સાથે ઘણાય ભરવાડ લોકો જોડાયેલા જોવા મળે છે. શિક્ષણનું પ્રમાણ ઓછુ છતાંય આજે ઘણાય લોકો સરકારી-બિનસરકારી નોકરીમાં જોવા મળે છે. હાલારમાં વસતા અગરવચ્છા ચારણોએ એક આગવી સંસ્કૃતિ ઊભી કરી છે. હાલારમાં જોગવડની આસપાસ તેમજ બારાડી પ્રદેશમાં આ લોકો વર્ષોથી રહે છે. તેઓ પશુઓમાં મોટે ભાગે ભેંસો રાખે છે. અગરવચ્છા ચારણો હજુ સુધી પશુપાલન સિવાય બીજો એક પણ વ્યવસાય જાણતા નથી અને કરતાય નથી. બરડા અને ઓખામાં તેમનું નિવાસસ્થાન છે. તેઓ લગભગ બધા અભણ છે. તેમના રીતરિવાજ, રહેણીકરણી, ખાનપાન વસ્ત્રાલંકારો તમામ જ્ઞાતિ-જાતિ કરતા જુદા તરી આવે છે. આજે પણ બરડો અને જોગવડની આસપાસના પ્રદેશમાં ચારણોનાં દુહા-છંદ અને કવિતાના પડછંદા પડે છે.

પંચાળનો માલધારી વ્યવસાયમાં સૌથી પછાત રહ્યો. મુખ્ય વ્યવસાય પશુપાલન પરંતુ અહી બે-ત્રણ વર્ષે દુષ્કાળની પરિસ્થિતિ સર્જાય તેથી પશુઓ નભાવવા કઇ રીતે. ગોચરની જમીન પંચાળમાં વર્ષોથી હતી અત્યારે નથી. આથી ઢોરનું પોષણ માંડ-માંડ કરે છે. જંગલોનું પ્રમાણ ઘટતા અહીંનો માલધારી લોકોના સીમશેઢે વળ્યો. ઘણા માલધારીઓ પોતાના પશુઓને લઈને શહેરમાં જઈ તબેલા બનાવ્યા. માલધારી ઘરે-ઘરે એઠવાડ ઉઘરાવે અને ગાયોને ખવડાવી દૂધનો ધંધો કરે છે. કેટલાક માલધારી કારખાનામાં કે અન્ય ઉદ્યોગ તરફ વળ્યા તેમની સ્ત્રીઓ ધનવાનના ઘરની કામવાળી તરીકે જોડાઈ ગઈ. એટલે પંચાળનો માલધારી વ્યવસાય ક્ષેત્રે સૌથી નિષ્ફળ રહ્યો. જ્યારે બન્નીનો માલધારી વ્યવસાય ક્ષેત્રે ઊંડી સૂઝ ધરાવે છે. તેઓ ઉંચી ઓલાદની ગાયો-ભેંસોને ઉછેરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. અહીનાં માલધારીઓ મુસ્લિમ હોવા છતાં ગાયની પૂજા કરે છે અને ગાયનું માંસ ખાતા નથી. મોટાભાગના મુસ્લિમ માલધારીઓ શાકાહારી છે. દૂધ અને દૂધની બનાવટો વેચીને તેમાંથી આવક મેળવીને પોતાનું ગુજરાન ચલાવે છે. અહીંની માલધારી સ્ત્રીઓ ગૃહકાર્યની સાથે-સાથે

હસ્તકળામાં નિષ્ણાત  છે. બન્નીની બહેનોએ 'બન્ની ભરત' નામની આગવી ઓળખ ઊભી કરી છે. કચ્છમાં દર વર્ષે 'રણોત્સવ' ઉજવાય છે. આ ઉત્સવમાં ભાગ લેવા દેશ-વિદેશના કલારસિકો આવે છે. જેમાંથી બન્નીભરતના વેચાણને એક નવો માર્ગ ખુલ્યો. નવા-નવા ગૃહઉદ્યોગો સ્થપાયા. નવી-નવી ચીજ વસ્તુનું ઉત્પાદન થયુ. આમ, પ્રવાસન ઉદ્યોગ સાથે બન્નીના કલાકારોને પણ પ્રોત્સાહન મળ્યુ. લોકનૃત્યકારો અને લોક ગાયકોને પણ ગુજરાતમાં તક સાંપડી. કચ્છની કોયલ તરીકે ગીતાબેન રબારીએ માત્ર ગુજરાતમાં જ નહી વિશ્વમાં કચ્છનું નામ રોશન કર્યું.

## રીત રિવાજ :-

ચારેય પ્રદેશના માલધારીઓના ભિન્નતા તો ક્યાંય મળતાપણું જોવા મળે છે. ગીરના માલધારીસમાજમાં બાળકલા જન્મ સાથે કોઈ ખાસ રીતરિવાજ જોવા મળતા નથી. બાળકની નામકરણ વિધિ, ભૂવા કે ભગતની હાજરીમાં કરવામાં આવે છે. જ્યારે કચ્છ-બન્નીના મુસ્લિમ માલધારીઓ બાળકના જન્મ પછીના સાતમા દિવસે કુટુંબ-પરિવારની સ્ત્રીઓ સાથે મળીને જે વિધિ કરે છે તેને 'અકીકોવિધિ' કહે છે. આ પ્રસંગનજીકના બે-ચાર ઘર પૂરતો મર્યાદિત હોય છે અને જો દીકરાનો જન્મ થયો હોય તો આ દિવસે બકરાનો વધ કરે છે. હાલાર ગીર અને પંચાળના માલધારીઓમાં જન્મ સંસ્કારનું મહત્વ રહેલું છે. માત્ર કચ્છ બન્નીમાં તે જુદાપણુ તરી આવે છે.

ગીરના માલધારી સમાજમાં દીકરા-દીકરીના સગપણ વડીલો નક્કી કરે છે અને મોટેભાગે સંબંધો સામ-સામા થતા હોય છે. દીકરી હોય તો જ દીકરાના લગ્ન થાય. બાકી ઘણું બધુ દહેજ આપવું પડે અને નબળી સ્થિતિવાળા ઘણાય માલધારીઓ આખુય જીવન માલ-ઢોર ચારીને આયખું પુરુ કરે છે. સગપણમાં રૂપિયો નાળિયેર આપવામાં આવે છે. જ્યારે હાલારનાં ભોપા રબારીઓમાં સગાઈ વખતે કન્યાના પિતાને ત્યાં પરિવારના પાંચ વડીલો ભેગા મળીને દૂધ પીએ અને સામસામા અઢી રૂપિયા અપાય છે. આ વિધિને દૂધપીણું કહે છે. તો વળી સોરઠિયા રબારીમાં કન્યાના હાથમાં રૂપિયો નાળિયેર આપીને કન્યાને ચૂંદડી ઓઢાડવામાં આવે છે. સગપણમાં મોટી રકમની સોદાબાજી થાય છે. જ્યારે ભરવાડ સમાજમાં સગપણને 'ચા-પીધો' જેવો તળપદો શબ્દો પ્રયોજે છે. જ્યારે અગરવચ્છા ચારણમાં વર-કન્યાના સગપણ તો વડીલોએ નાની ઉમંરમાં કરી નાખ્યું હોય તેને 'બોલ બોલ્યા' કહેવાય. સગપણમાં રૂપિયો નાળિયેર અને કન્યાને કપાળે ચાંદલો કરી સગપણ પાકું કરવામાં આવે છે. લગ્ન મોટી ઉંમરે થાય પણ સગપણ તો હાલમાં પણ નાની ઉંમરે કરવામાં આવે છે. પંચાળના માલધારીઓ પણ દીકરા-દીકરીની સગાઈ વખતે વ્યવસાય, મોસાળ, ખાનદાન, મિલકતને લેય આવે છે. શિક્ષણ કે બાહ્ય દેખાવને મહત્વ આપવામાં આવ્યુ નથી. સરખી શાખ, અટકવાળા કે મામા-ફૂઈના દીકરા-દીકરી અંદરો અંદર પરણી શકતા નથી. સગપણને લોકો 'ચાંદલા કરવા' કે 'વેવિશાળ કરવું' જેવા રૂઢિપ્રયોગો પણ પ્રયોજે છે.

જ્યારે બન્નીના મુસ્લિમ માલધારીઓમાં સગાઈને 'ખીરપીણું' કહે છે. નજીકના સગામાં જ તેઓની સગાઈ ગોઠવવામાં આવે છે. સગાઈમા કન્યાને આભૂષણો અપાય છે. કન્યાપક્ષ તરફથી વરરાજાને કપડાં અપાય છે.

ગીરના માલધારીઓમાં લગ્ન પ્રસંગ શિયાળામાં અને માઘ મહિનામાં કરવામાં આવે છે. કન્યાપક્ષ વાળા, વરપક્ષવાળાને એકાદ મહિનો અગાઉ જાણ કરે છે. પંચાળમાં મોટે ભાગે શિયાળામાં જ લગ્ન કરવામાં આવે છે. હાલમાં લગ્નપ્રસંગે 'સમૂહ લગ્ન' કરે છે. સમૂહલગ્ન પ્રથા પણ સૌપ્રથમ માલધારી સમાજમાં જ આવી. પછી અન્ય સમાજના લોકો હવે સમૂહલગ્ન કરતાં થયા છે. હાલારમાં ભોપા રબારીઓના લગ્ન ચોમાસામાં કરવાનો રિવાજ છે. વર્ષો પહેલા લગ્નો રાત્રિના સમયે થતા પરંતુ સમયની સાથે તાલ મિલાવતા હાલમાં લગ્નો દિવસે યોજાય છે. હાલારમાં કેટલાક ગામોમાં તો પક્ષીઓના અવાજ પરથી લગ્નના મુહૂર્ત નીકળે છે. જ્યારે કચ્છ-બન્નીના મુસ્લિમ માલધારીઓના લગ્નમાં અનેરી રોશની જોવા મળે છે. લગ્નમાં નાની-મોટી અનેક વિધિ કરે છે. અખિયે બંધાવવો, વનાય બેસે, નિકાહ, વિદાય વગેરે બન્નીના મુસ્લિમ માલધારી જાતિની સંસ્કૃતિ નિરાળી છે. હિન્દુ મુસ્લિમ જાતિઓના સંસ્કારોનું સુભર્ગ મિલન તેમના લગ્ન પ્રસંગમાં જોવા મળે છે. જાતિએ મુસ્લિમ હોવા છતાં લગ્ન બાબતે ગણેશપૂજા કરવામાં આવે છે. હિન્દુ વિધિ મુજબ વરકન્યાના શરીરે પીઠી ચોળવામાં આવે છે. કચ્છ-બન્નીના હિન્દુ માલધારી સમાજમાં દર જન્માષ્ટમીના દિવસે લગ્ન યોજવામાં આવે છે. તેને 'ગોકુળિયા લગ્ન' કહે છે. શ્રી કૃષ્ણ પ્રત્યેની ભાવભક્તિનું નિરૂપણ તેમાં રહેલુ જણાય છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને કાઠિયાવાડની ધરતીમાં વસંતપંચમી, અખાત્રીજ, દશેરા લાભ પાંચમને વણજોયા મુહૂર્ત માનવામાં આવે છે. પણ કચ્છની ભોમકા જન્માષ્ટમીએ લગ્ન યોજે છે. આ લગ્નવિધિ સમાજના વડીલો પૂર્ણ કરે છે. આમા બ્રાહ્મણની જરૂર પડતી નથી.

ગીરના માલધારીઓમાં નજીકના એક નેસમાં લગ્નવિધિ ગોઠવવામાં આવે છે. આસપાસના 'નેસડા'માંથી બાળકો વર-કન્યાને લગ્ન સ્થળ સુધી લાવે છે. બ્રાહ્મણની હાજરીમાં લગ્ન યોજાય છે. જાનને યથાશક્તિ જમણવાર અપાય છે. જ્યારે પંચાળમાં સમૂહ લગ્ન પ્રથા છે દીકરીના બાપને કરિયાવરમાં ઘણીબધી ચીજ વસ્તુ જ્ઞાતિના રીતરિવાજ મુજબ આપવી પડે છે. પરિસ્થિતિ નબળી હોય છતાં પણ દેવું કરીને દીકરીને કરિયાવર અપાય છે. અમુક લોકો 'પશુધન' પણ દીકરીને આપે છે. પંચાળમાં સમૂહ લગ્ન વખતે મિનારા જેવો ઊંચો માણેક સ્તંભ રાખવામાં આવે છે. તેમાં પંચાળના માલધારીના શોખ ધર્મ, ઉત્સવો વગેરે ચિત્રો દોરવામાં આવે છે. માણેકથંભમાં જેટલા લગ્ન હોય તેટલા દીવા પ્રગટાવવામાં આવે છે. ખીજડાના ઝાડમાંથી બનેલા માણેકસ્તંભને દર વર્ષે રંગરોગાન કરી ઉપયોગમાં લેવામાં આવે છે માણેકસ્તંભ અન્ય માલધારીઓમાં જોવા મળતો નથી.

ગીરના માલધારી સમાજમાં લગ્નના દિવસે વરરાજા સાથે જાન ગામમાંથી ઊંટ, બળદગાડુ, ટ્રેક્ટર, ટ્રક કે બસમાં રવાના થાય છે. દૂરનું સ્થળ હોય તો વાહનની જરૂરિયાત ઊભી થાય બાકી નજીકના સ્થળે સૌ સાથે મળીને ચાલતા જતા રહે છે. પંચાળના માલધારી સમાજમાં બાળલગ્ન પ્રથા છે. જે અન્ય પ્રદેશના માલધારી સમાજમાં નથી. હાલારમાં ભોપા રબારીમાં વર્ષો પહેલા બાળલગ્નો થતા હાલમાં જોવા મળતા નથી. ભોપા રબારીમાં લગ્નની કંકોત્રી લખાતી નથી. ગોરબાપા નજીકના માતાજીના મંદિરેથી ચોખા અને નિવેદના ચોખા વરપક્ષને આપવા જાય છે. હાલારમાં જાનને સૌ પ્રથમ માતાજીના મંદિરે કે કોઈપણ દેવમંદિરે ઉતારો આપવામાં આવે છે. ગોરબાપા વરરાજાને દેવમંદિરે પોંખે છે. જ્યારે પંચાળ અને ગીરના માલધારીઓમાં જાનનું સામૈયુ થાય અને વરરાજાને માંડવે તેની સાસુ પાંખે છે. વળી હાલારમાં સોરઠિયા રબારીઓમાં લગ્ન વખતે લગ્નની કંકોત્રી લખાય છે. લગ્નમાં વરરાજાને ઊંટ પર બેસાડવામાં આવે છે. લગ્નમાં જાન ગામના પાદરે પહોંચે ત્યારે સૌ પ્રથમ જાનને ગોળનું પાણી પીવડાવવામાં આવે છે. જ્યારે ગીર અને પંચાળ સમાજમા માલધારી સમાજનાં જાનને ઉતારે ચા-પાણી, દૂધ વગેરે પીવડાવવામાં આવે છે. ભોપા-રબારીમાં જાનને ગામના ભાગોળે સામૈયુ કરવામાં આવે છે. ત્યારબાદ જાનૈયાને 'નેસડા'ના જમવા લઈ જવાય છે. વરરાજા અને અણવરને ગામને પાદરે ભોજન કરાવાય છે. વરરાજો માંડવે જાય ત્યારે રસ્તામાં કોઈપણ મંદિરે કે દેવસ્થાને પગે લગાડવામાં આવે છે અને પાંદડુ તોડવાની પ્રથા છે. વરરાજાને કન્યાની માં અથવા તેની ભાભી માંડવે પોંખે છે. હાલારના સોરઠિયા રબારીઓમાં લગ્નમાં માણેકથંભ કે ખેતરપાળનો રિવાજ નથી લગ્નવિધિ પૂરી થયા પછી માતાજીની સરજૂ ગાવામાં આવે છે. કચ્છ-બન્નીના મુસ્લિમ માલધારીઓ નિકાહ માટે વરરાજાને મસ્જિદમાં લાવવામાં આવે છે. વરરાજાની સાથે કન્યાના પિતાને બેસાડવામાં આવે છે. સમાજના મોભીઓ કન્યાને પૂછવા ઘરે જાય છે. તને આ 'નિકાહ' મંજૂર છે. આવુ ત્રણ વાર પૂછાય છે અને નિકાહ મોલાના સાહેબ પઢાવે છે અને તે કુરાનની આયાતો પઢે છે. જેને ખુતબો 'નિકાહ' કહેવામાં આવે છે. લગ્નમાં દહેજ પ્રથા નથી. વરપક્ષ તરફથી કન્યાને મહેર આપે છે. તેમાં કિંમતી વસ્ત્રો અને આભૂષણો અપાય છે.

ગીરના માલધારીઓના લગ્નમાં મોટુ જમણવાર રાખવાનો રિવાજ છે. જ્યારે બન્નીના મુસ્લિમ માલધારીઓ લગ્ન એકદમ સાદગીથી કરે છે. બીનજરૂરી ખર્ચા તેઓ કરતા નથી. પંચાળના માલધારીઓમાં સંપનો મહિમા વધારે જોવા મળે છે. જેમાંથી સમાજમાં ઘણા ક્રાંતિકારી સુધારા આવ્યા. સગર્ભા સ્ત્રીને પેટે સગાઈના ચાંદલા થતા. બાળ લગ્ન કે ઘોડિયા લગ્નનું પ્રમાણ સાવ ઘટી ગયુ. ગીર, પંચાળ અને હાલારના માલધારી સમાજમાં કન્યાને લગ્ન મંડપમાં ઘુંઘટ કઢાવે છે અને લગ્નવિધિ સમયે મૌન રહેવાનું હોય છે. ગોર મહારાજ વરકન્યાને હસ્તમેળાપ અને અગ્નિદેવની સાક્ષીએ સપ્તપદીના ફેરા

ફેરવે છે. જ્યારે મુસ્લિમ માલધારીઓમાં લગ્નવિધિ મૌલાના સાહેબ પઢાવે છે અને વર્તમાન સમયમાં સમાજના અગ્રણીઓ દ્વારા કાગળ ઉપર વર-કન્યાની સહી લેવામાં આવે છે.

ગુજરાતના માલધારી સમાજમાં માત્ર ભરવાડ જ્ઞાતિમાં જ જ્ઞાતિનું બંધારણ લિખિત છે. બીજી કોઈ માલધારી જાતિમાં લિખિત બંધારણ નથી. 'ભરવાડ જાતિનો ધારો' નામે સમાજના મુખી લગ્ન અને સગાઈના ધારા મુજબ ચાલે છે. ગીર, પંચાળ કે હાલારના રબારી સમાજમાં આવા લિખિત બંધારણ નથી. તેમજ કચ્છ-બન્નીના મુસ્લિમ માલધારી કે કાઠી, રબારી, આયર સમાજમાં કોઈ લિખીત ધારા-ધોરણ ઘડવામાં આવ્યા નથી. ભરવાડ સમાજમાં દીકરીની સગાઈથી માંડીને લગ્ન, ઘરઘરણુ, દિયરવટુ, છૂટાછેડા વગેરે માટે અલગ-અલગ ધારા ઘડવામાં આવ્યા છે તેની રકમ નક્કી કરવામાં આવી તે રકમ જે તે વખતે ચૂકવવી પડે તેવી જ્ઞાતિપંચની હાંક હોય છે.

ગીર, પંચાળના માલધારીઓમાં લગ્ન એક દિવસ કે રાત્રિમાં પૂર્ણ થાય છે. લગ્નમાં બે-ત્રણ ખર્ચ આપવામાં આવે છે. જાનને જમાડીને વળાવવાનો રિવાજ લગભગ બધે સરખો જોવા મળે છે. પરંતુ હાલારના અગરવચ્છા ચારણમાં જાન કન્યાને ઘરે બે-ત્રણ દિવસ રોકાય છે. અને લગ્નના બીજા દિવસે તેને વિદાય આપવામાં આવે છે. હાલ તો એક દિવસમાં લગ્ન પૂર્ણ થવા લાગ્યા છે. લગ્નમાં કન્યાને ઝાંપેથી ઉતારી લેવામાં આવે છે. કન્યા વયમાં આવે ત્યારે તેનું આણું કરવામાં આવે છે. આણા વખતે માતા-પિતા યથાશક્તિ કરિયાવર, રૂપિયા, ઘરેણા, વસ્ત્રો, ઘડકી વગેરે આપે છે. દહેજનો રિવાજ નથી. જાન વળાવે ત્યારે પૈડુ સિંચવાની પ્રથા બધા માલધારી સમાજમાં સરખી જોવા મળે છે.

**શિક્ષણ :-**

ગીર, હાલાર, પંચાળ અને કચ્છ-બન્નીના ચારેય પ્રદેશના માલધારીઓના શિક્ષણ વિશે વાત કરીએ તો સૌથી ઓછુ શિક્ષણ ગીરના માલધારીઓનું છે અને સૌથી વધારે શિક્ષણ હાલારના સોરઠિયા રબારીમાં જોવા મળ્યુ છે. ગીર-વિસ્તારના બાળકોને શિક્ષણ લેવા દૂર જવું પડે છે. માતા-પિતાની અજ્ઞાનતાને કારણે આજે પણ ઘણા માલધારીઓ શિક્ષણથી વંચિત રહી ગયા છે. દીકરીઓમાં માત્ર ૫% શિક્ષણ જોવા મળે છે. કેટલીક દીકરીઓએ તો શાળાના દર્શન જ કર્યા નથી. નાનપણથી ઘરકામમાં લગાડી દે છે. સરકારે ઘણી આશ્રમ શાળાઓ ગીર વિસ્તારમાં ખોલી છે. પરંતુ ગીરના માલધારીઓએ તેનો જોઈએ તેઓ લાભ લીધો નથી. પંચાળ પ્રદેશના માલધારીઓમાં પણ શિક્ષણનું સ્તર નીચુ જોવા મળે છે. પોતાના સંતાનો પોતાના વ્યવસાયમાં પ્રગતિ કરે તેવી જન્મજાત ગ્રંથિઆ લોકોમાં જોવા મળે છે. અહીંના માલધારી સમાજમાં શિક્ષણનું પ્રમાણ ૫ થી ૮ % જોવા મળે છે. ૫૦ વર્ષ પહેલા તો ભાગ્યે જ કોઈ માલધારી અક્ષરજ્ઞાન ધરાવતો જોવા મળતો હાલની સ્થિતિમાં સુધારો થયો છે. છેલ્લા બે દાયકામાં

જન્મેલા બાળકોમાં ભાગ્યેજ કોઈ અભણ હશે ! અહીંના માલધારી સમાજમાં નોકરીનું પ્રમાણ આજે પણ સાવ ઓછુ જોવા મળે છે.

હાલારના માલધારીઓમા શિક્ષણનું પ્રમાણ સૌથી વધુ સોરઠિયા રબારીઓમાં જોવા મળે છે. સોરઠિયા રબારીઓ સરકારી અને બિન સરકારી કચેરીમાં સારા હોદ્દા પર જોવા મળે છે. તેઓમાં વર્ષોથી શિક્ષણનું પ્રમાણ વધારે છે. તેમના વડીલોની આગવી સૂઝનું આ પરિણામ છે. સોરઠિયા રબારીઓ ગામની વચ્ચે રહેતા. આથી તેઓને સૌથી પહેલા શિક્ષણની મહત્તા સમજાય અને પોતે અભણ રહ્યા પણ ૫૦ વર્ષથી નીચેના કોઈ સોરઠિયા રબારીમાં દીકરો-દીકરી અભણ જોવા મળતા નથી. આથી જ. નોકરી, ડેરી ઉદ્યોગ, વાહન વ્યવહારના વ્યવસાય સાથે સોરઠિયા રબારી જોડાયેલા છે. હાલારમાં તેની પછીના ક્રમે ભોપારબારી અને ભરવાડ સમાજ આવે છે. ભોપા રબારીઓ ગામે-ગામે અને ખેતરો-ખેતરમાં રખડતા હોવા છતાં તેમના બાળકોનું શિક્ષણ પણ સારું છે. હાલારમાં છેલ્લા ત્રણ દાયકાથી ભોપારબારી અને ભરવાડ સમાજ શિક્ષણમાં આગળ છે. ગીરના માલધારીઓની જેમ સૌથી ઓછુ શિક્ષણ હાલારના અગરવચ્છા ચારણોમાં છે. એવું કહેવાય છે ચારણના સંતાનો પર માતાજીની મહેર છે. તે ભણવામાં કે બોલવામાં પાવરધા હોય છે. પણ અગરવચ્છા ચારણોનો અભ્યાસ કરતા માલૂમ પડયું છે કે આ ચારણો ખૂબ જ પછાત છે અને શિક્ષણથી વંચિત રહી ગયા છે. વર્ષો પહેલા તો શિક્ષણનું મહત્ત્વ સમજયા ન હોતા. આજે ૨૧ મી સદીમાં પણ અભણ લોકો આ જ્ઞાતિમાં જોવા મળે છે. જામનગરના જોગવડના પ્રદેશમાં આ ચારણોએ લોક સાહિત્યનું સર્જન કર્યુ છે. પરંતુ અભણ હોવાને લીધે તેમને ઝાઝુ કશુ યાદ રહેતુ નથી. લોક સાહિત્યના પુસ્તકોનું વાંચન કરતા આવડતું નથી. તેથી તેમની આ લોકકળા તેમના પૂરતી જ સિમિત  રહી છે.

કચ્છ-બન્નીના મુસ્લિમ માલધારીઓમાં પણ પંચાળ અને ગીરના માલધારીઓની જેમ શિક્ષણનું પ્રમાણ ઓછુ છે. દીકરાઓને ચાર-પાંચ ધોરણ સુધી માંડ-માંડ શાળાએ મોકલે છે. પરંતુ દીકરીઓને નાનપણથી જ ઘરકામ અને પશુપાલનમાં જોડી દે છે. અહીંના લોકો ભણતર કરતાં પશુપાલનને અગ્રિમતા આપે છે. પોતાનો દીકરો પોતાના કુટુંબ પરિવાર સાથે રહે અને પોતાના પશુઓના સંવર્ધન અંગે જ્ઞાન મેળવે તેને ભણતર માને છે. શિક્ષણના જ્ઞાન કરતા પશુઓમાં જે નિપુણતા મેળવે તેને હોંશિયાર માને છે. અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન આવડે તેને અહીંની પ્રજા ભણેલો ગણેલો અને પાવરધો માને છે.

આમ ચારેય પ્રદેશના માલધારીઓના શિક્ષણ વિશે તપાસતા ખ્યાલ આવે છે કે સૌથી શિક્ષિત અને વધુ વિકાસ કોઈ સમાજે કર્યો હોય તો તે હાલારના માલધારી સમાજનો છે. તેમા પણ સોરઠિયા રબારીઓ અગ્રેસર છે પછીના ક્રમે ભોપા રબારી અને ભરવાડ સમાજ આવે છે. ગીર, પંચાળ અને કચ્છના મુસ્લિમ માલધારીઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછુ જોવા મળે છે. શિક્ષણના અભાવે જ આ

માલધારી સમાજનો વિકાસ રૂંધાયો. શૂરવીર, બળવાન અને તંદુરસ્ત સમાજ પણ શિક્ષણમાં સૌથી પાછળ રહી ગઈ. પોતાનો વિકાસ રૂંધાયો અને આવનારી પેઢીઓનો વિકાસ શિક્ષણથી થશે એવી દીર્ઘદ્રષ્ટિ આ ભલીભોળી પ્રજાને સમજતા મોડુ થઈ ગયુ. નહિવત્ શિક્ષણને લીધે અહીંના લોકો પોતાના વ્યવસાય અને વિસ્તાર પૂરતા સિમિત રહ્યા. જૂની માન્યતાઓ, પરંપરાઓ, રૂઢિઓના આંટાફેરામાં શિક્ષણનું પ્રમાણ એકંદરે નિમ્નસ્તરનું રહ્યું ગણાય.

### લોકકલાઓ :-

ચારેય પ્રદેશની લોકકલાના અભ્યાસ પરથી જણાય છે કે ગીર, પંચાળ, હાલાર અને કચ્છ-બન્નીના ભરતકામ, ઘડકી, મોતીકામ વગેરેમાં સમાનતા જોવા મળે છે. ગીરના જંગલોમાં વસતા માલધારી સમાજની સ્ત્રીઓ નવરાશની પળોમાં ભરત-ગૂંથણનું કામ કરતી માતા જ દીકરીનો કરિયાવર તૈયાર કરવામાં મદદરૂપ બનતી. ૧૨ થી ૧૪ વર્ષની દીકરી થઈ એટલે કરિયાવર તૈયારી કરવાં લાગતી જ્યારે પંચાળના માલધારીઓમાં ભરથગૂંથણ પ્રમાણે ઓછું જોવા મળે છે. અહીંયા જે ભરત ગૂંથણ થાય છે તેમાં જુદાપણુ જોવા મળે છે. અહીંનાં રબારીઓમાં ‘રબારી ભરત કંડાર’ એ એક આગવુ નજરાણું છે. જેમ કચ્છ-બન્ની મુસ્લિમ માલધારીઓએ પોતાની આગવી ભરત કળા વિકસાવી છે. જે ‘બન્ની ભરત’ જેવા નામથી ઓળખાય છે. સૌથી વિવિધ પ્રકારની હસ્તકળા-લોકકળા કચ્છ-બન્નીના લોકોની છે. તેમણે આહીર ભરત, રબારી ભરત, નેરાણ ભરત, સૂફભરત જેવી જુદી-જુદી જ્ઞાતિઓ આધારિત કળાઓના નામ આપ્યા છે. ગીરની માલધારી સ્ત્રીઓ કરતા અહીંની સ્ત્રીઓનું ભરતકામ જુદુ પડે છે. ગીરની માલધારી સ્ત્રીઓ મોટેભાગે પશુ-પક્ષીઓના ચિત્રો તેમના ભરતકામમાં વધારે દેખાય છે. વન્ય પ્રકૃતિનું અનેરું આકર્ષણ જોવા મળે છે. જ્યારે કચ્છ-બન્નીના ભરતકામમાં વિવિધ દોરા તેમજ વિવિધ ડિઝાઈનોથી તેમની કલા દેશ-વિદેશમાં પ્રખ્યાત થઈ છે. અહીની સ્ત્રીઓ ભરતકામમાં નિષ્ણાંત છે. તેમની ડિઝાઈનોમાં ભૌમિતિક આકારો, રંગોળી જેવી ભાતો ઉપસાવે છે. તેમના ભરતકામનાં આંગળીઓની જ કરામત નથી પણ અંદરથી જ તેમનો આત્મા રેડેલો જણાય છે. બન્ની પ્રદેશની જત જાતિની સ્ત્રીઓ પોતાની આગવી સૂઝ પ્રમાણે આકૃતિ અને રંગોનું મિશ્રણ કરી સર્જનાત્મકનો ખ્યાલ આપે છે. તેથી જ બન્નીયરોની ગાયો તેમના આવાસો અને તેમના ભરતગૂંથણ જોવા લાયક છે. એવું ચોક્કસપણે કહી શકાય. બન્નીયરોની લોકકલા અન્ય કરતા જુદી છે. કારણ કે બન્ની પ્રદેશમાં વિવિધ જ્ઞાતિઓ એ વર્ષોથી ભિન્ન-ભિન્ન સંસ્કૃતિનું સંવર્ધન કર્યુ છે. તેમની હસ્તકલાઓ શરૂઆતમાં એક શોખ તરીકે હતી હાલમાં એક આજીવિકાના સાધન તરીકે વિકસી છે. ગૃહ સજાવટની ચીજવસ્તુઓ, કીંમતી વસ્ત્રો, અલંકારો વગેરેમાં બન્નીયરોની લોક-સંસ્કૃતિ અને આવડત અને લોકકળાના દર્શન થયા વગર રહે નહી. કચ્છ-બન્નીની બહેનોએ આ ઉપરાંત ‘મુતવા ભરત,’ ‘જત ભરત,’ ‘નેરણ ભરત’ વગેરે વિવિધ પ્રકારના ભરતકામમાં નામના મેળવી છે.

હાલારના ભોપારબારી, સોરઠિયા રબારી, ભરવાડ તેમજ અગરવચ્છા ચારણ જ્ઞાતિમાં ભરતકામ ચીલાચાલુ જોવા મળે છે. સૌથી ઓછુ ભરતકામ આ જ્ઞાતિમાં રહેલુ છે. માતા-પિતા ગરીબ હોય કે ધનવાન પણ દીકરીના કરિયાવર પોતે જ કરે છે. પોતાની પરિસ્થિતિ પ્રમાણે કરિયાવર કરે છે પણ દીકરીને આણામાં ધડકી અચૂક અપાય છે. ચારેય પ્રદેશના માલધારીઓ દીકરીને ધડકી આપે છે. પણ બન્નીના મુસ્લિમ માલધારીની ધડકી અન્ય પ્રદેશના માલધારીઓ કરતા જુદી જોવા મળે છે. કારણકે અહીં પંચરંગી પ્રજાની વિવિધ સંસ્કૃતિની મિશ્રણવાળી ધડકી અનોખી જોવા મળે છે. હાલારના ભોપારબારીનું ભરત-ગૂંથણ વિવિધતાવાળું જોવા મળે છે. તેમનો પહેરવેશ પણ જુદો તરી આવે છે. એટલે અન્ય માલધારી પ્રજા કરતા તેમના-ગૂંથણમાં ભિન્નતા જોવા મળે છે. તેઓ નવરાશના સમયે વનવગડામાં વૃક્ષના છાંયે બેસીને વિવિધ રંગના ટુકડાઓથી સજાવેલો કે ભરત ભરેલો ચંદરવો, દીવાલો પર ચાકળા-અભરાઈ પર કાંધી પટ્ટી વગેરે તેમના બેનમૂન લોકકલાના નમૂના ગણાવી શકાય. જ્યારે અગરવચ્છા ચારણમાં દીકરીને કરિયાવરમાં ઉલેચ, ચાકળા અને ભરતકામ કરેલા રૂમાલ, ઓશિકા, બારી-બારણાના પડદા અપાય છે. તેમા મોટેભાગે માલધારી સંસ્કૃતિના પ્રતીકો જોવા મળે છે. જ્યારે હાલારના સોરઠિયા રબારીમાં વર્ષો પહેલા ખૂબ જૂની  રૂઢિઓ હતી. ત્યારે મા-બાપ દીકરી પાસે ઘણો કરિયાવર તૈયાર કરાવતા પરંતુ અત્યારે સમગ્ર ગુજરાતની માલધારી જાતિઓમાં હાલારના સોરઠિયા માલધારી શિક્ષણક્ષેત્રે ખૂબ જ આગળ છે. તેથી અત્યારે દીકરીને પહેલા કરતાં વધારે કરિયાવર અપાય છે. પણ મોટેભાગે બજારમાં તૈયાર કરાયેલો. ચાર-પાંચ દાયકા પહેલા 'રબારી ભરત'ની ખૂબ માંગ હતી. રબારી સ્ત્રીઓ નાના-બાળકોના કપડા પોતાના કપડાની બાંય વગેરેમાં આભલાં ટાંકતી તેમજ દીકરીના લગ્નના કપડા પણ દીકરી જાતે જ તૈયાર કરતી. તમામ કરિયાવર સાત-આઠ વર્ષમાં મા-દીકરી સાથે મળીને તૈયાર કરતી જે અન્ય માલધારી પ્રજા કરતા વૈવિધ્ય ધરાવે છે. જ્યારે પંચાળના માલધારી સમાજમાં 'રબારી ભરત'ની વિશિષ્ટ ભરતશૈલી અને 'ટાંકા ભરત' ભારતીય સંસ્કૃતિની કલાઓમાં એક આગવું સ્થાન ધરાવે છે.

ગીરમાં વસતા માલધારીઓના મકાનો (નેસડાં) કાચી માટીના વધારે જોવા મળે છે. મકાન ઉપર દેશી નળિયા હોય છે. આવા કાચા મકાનોમાં વાર-તહેવારે માલધારી સ્ત્રીઓ લીંપણકળા કરે છે. દીવાલો, પાણિયારું, પેઢલી, ડામચિયો, અનાજ ભરવાની કોઠી વગેરેમાં હાથની કળા દ્વારા અવનવી ડિઝાઈન આલેખે છે. જ્યારે પંચાળની માલધારી સ્ત્રીઓ દીવાલો પર ખડીથી ચિતરામણ કરીને પોતાની ઊર્મિઓને અભિવ્યક્તિ કરે છે. આળેખ અને ચિતર એ પંચાળની મુખ્ય લોકકલા છે. જન્માષ્ટમી હોય કે દીવાળી હોય ત્યારે અહીંની લોકનારી ઘર-ખોરડાને  લીંપણથી અજવાળે છે. હાલારના ભોપારબારીઓ ગામ બહાર વાસમાં રહે છે. તેમના કૂખા ડૂબા ગોળાકાર હોય છે. તેમનું ગારમાટીનું લીંપણકામ કલાત્મક છે. આવી લીંપણકળા સોરઠિયા રબારીઓમાં જોવા મળતી નથી. તેઓ ઘરની દીવાલો, અનાજ ભરવાની કોઠી, મોટા પટ્ટારા વગેરેમાં નકશીકામ પણ કરે છે અને નકશી લીલી હોય ત્યારે વચ્ચે વચ્ચે લાલ, પીળો,

વાદળી વગેરે રંગના અબરખિયા કાગળ ચોંડે છે. માટી સુકાઈ જતા કાગળ ઝળહળે છે. આવા માટીના નકશીવાળા મકાનો ભોપારબારી સિવાય અન્ય સમાજમાં જોવા મળતા નથી. તેમનો ડામચિયો અને ઘડકી મૂકવાની માળી, વાસણ મૂકવાની માંડ ઉત્તમ લોકકલાના નમૂના ગણાવી શકાય. જ્યારે અગરવચ્છા ચારણોના મકાનો તળિયેથી લંબચોરસ હોય છે. દીવાલો લાકડાની ખપાટથી બનાવેલ છે તેના પર માટી લગાડે છે અને ઉપર ચારણ સ્ત્રીઓ ગાર્યથી લીંપણ કરે છે અને પછી ખડીથી અજવાળે છે. ઘરની દીવાલ પર અબરખનું લીંપણ કરી રંગપૂરણી કરવામાં આવે છે અને રાત્રિએ આભામંડળની પ્રતીતિ થાય તેવી રીતે મકાનો શણગારવામાં આવે છે. અગરવચ્છ ચારણો દરરોજ ઓસરીનું આંગણું લીંપે છે અને સાથિયો પૂરે છે. જે અન્ય માલધારી સમાજ કરતા આગવી છાપ ધરાવે છે.

કચ્છ-બન્નીના મુસ્લિમ માલધારી સ્ત્રીઓએ 'ભૂંગા'માં કલાત્મક લીંપણકામ કરી દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષયા છે. તેમની કલાનો જોટો જડે નહી. તેમના 'ભૂંગા'માં પાણિયારુ, પેટી, ડામચિયો, ઘંટીના થાળા વગેરેમાં અહીંની મુસ્લિમ માલધારી સ્ત્રીઓએ આંગળીના ટેરવાથી મનોહર લોકકળા ઉપસાવી છે. આગળથી જોતા સાદા લાગતા ભૂંગામાં અહીંની મુસ્લિમ માલધારીઓ પોતાના પ્રાણ રેડીને આવી આગવી લીંપણકળાનું નિર્માણ કર્યુ છે. કચ્છ-બન્નીની મુસ્લિમ માલધારી સ્ત્રીઓની લીંપણકળાએ આજે મોટા-મોટા શહેરોમાં વસતા ધનિકોના બંગલાઓ, હોટલો અને મોટા-મોટા ભવનોને અવનવી ડિઝાઈનમાં શણગારીને કચ્છ-બન્નીના પ્રદેશનું નામ રોશન કર્યુ છે.

ગીરની માલધારી સ્ત્રીઓ મોતીકામ સારી રીતે કરે છે. મોતીનું સામૈયુ, પડદા, તોરણ વગેરેમાં પ્રકૃતિના ચિત્રો ઉપસાવે છે. આ ઉપરાંત વન્ય પ્રાણીઓ, પક્ષીઓ અને ગણેશ, સાથિયો વગેરે વિવિધ રંગના મોતીથી ઉપસાવે છે. આ કળા ઘણી અઘરી છે. સખત મહેનત માંગી લે તેવી છે. જ્યારે પંચાળની માલધારી સ્ત્રીઓને ગીરની સ્ત્રીઓ જેવું મોતીકામ આવડતું નથી. પંચાળની લોકનારીઓ મોતીકામમાં માત્ર તોરણ જ બનાવે છે. વચ્ચે ગણેશ કે શ્રીકૃષ્ણનું ચિત્ર ઉપસાવે છે. પાંચ કે સાત કોથળીવાળુ તોરણ એ તેમની વિશેષતા છે. દરેક કોથળીમાં વેલબૂટીની ડિઝાઈન ચીતરે છે.

હાલારના ભોપારબારી, સોરઠિયા રબારી, ભરવાડો તેમજ અગરવચ્છા ચારણોમાં મોતીકામની પ્રથા જ નથી. જે કામ મોતીથી કરવાનું હોય ત્યાં માત્ર રંગ બે રંગી ઊનના ઉપયોગ કરે છે. પડદા, તોરણ, ચાકળામાં લાંબી-લાંબી ચાંચવાળા બગલા અને સારસ પક્ષી પણ આવે છે. આમ વિવિધ પશુ-પંખીની સાથે તે રંગ બે રંગી હીર ભરત ભરે છે. કચ્છ-બન્નીના માલધારીઓ દીકરીને કરિયાવરમાં સોના-ચાંદીને બદલે મોતીકામના ઘરેણા આપે છે. કચ્છી-પ્રજા કલાની જાણકાર છે. કચ્છ-બન્નીમાં દર વર્ષે 'રણોત્સવ' યોજાય છે. ત્યારે કચ્છ-બન્નીના મુસ્લિમ માલધારીઓ વર્ષ દરમ્યાન નવરાશની પળોમાં મોતીની અવનવી ડિઝાઈનમાં તોરણ, પડદા, સામૈયુ, ચંદરવા, ચાકળા વગેરે તૈયાર કરે છે અને

'રણોત્સવ' વખતે વિદેશી સહેલાણીઓને મોતીકામના ઉત્તમ નમૂના દ્વારા આકર્ષે છે. આમ, બન્ની પ્રદેશની લોકકળા સાંપ્રત સમયમાં ખૂબ જ વિકસી છે તેમ કહી શકાય.

ગીરની માલધારી સ્ત્રીઓ પગની પાનીથી ઢીંચણ સુધી હાથ-પગની આંગલીઓ તેમજ ડોક અને મોઢા પર છૂંદણા પડાવે છે. જે અન્ય પ્રદેશની સ્ત્રીઓમાં જોવા મળતા નથી. આવા છૂદણામાં ગોપ સંસ્કૃતિના પ્રતીકો જોવા મળે છે. જ્યારે પંચાળના માલધારીઓના પ્રતીકચિત્રોનો મહિમા વધારે જોવા મળે છે. સામાજિક લગ્નપ્રસંગોએ તેમજ ધાર્મિક તહેવારોમાં વિવિધ રંગોથી ઘર આંગણામાં પ્રતીકચિત્રો ઉપસાવે છે. જે અન્ય પ્રદેશમાં આવા પ્રતીકચિત્રોનો મહિમા જોવા મળતો નથી.

## ભાતીગળ મેળાઓ :-

ગીર પંચાળ હાલાર અને કચ્છ-બન્ની ચારેય પ્રદેશમાં મેળાનું અનેરુ મહત્ત્વ છે. જૂના જમાનામાં આજની જેમ મનોરંજનના વિપુલ સાધનો નહોતા ત્યારે લોકો ખેતી કે મજૂરીના રોજના એકધારા શ્રમથી કંટાળીને થાકી જતા આ થાક દૂર કરીને અખૂટ આનંદનું આત્મવિશ્વાસનું ભાથુ મેળો મહાલનારને બાંધવા મળતુ. ડુંગર, નહીં, સમુદ્ર, જળાશય અને કુંડો ઉપરાંત ગામમાં કે ગામ બહાર આવેલા મંદિરોના સ્થળે વાર-તહેવારે, નાના-મોટા અસંખ્ય મેળાઓ ભરાય છે.

કચ્છ-બન્ની પ્રદેશમાં વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ મેળા ભરાય છે. જેમા 'હાજીપીરનો મેળો', 'જન્માષ્ટમીનો મેળો', 'રવાડીનો મેળો,' 'આશાપુરામાનો મેળો,' 'વરુણ દેવનો મેળો' વગેરે નોંધપાત્ર મેળા યોજાય છે. 'જન્માષ્ટમીનો મેળો,' ગીર, પાંચાલ અને હાલારમાં ભરાય છે. હાલારમાં તો જન્માષ્ટમીનો મેળો બે-ત્રણ દિવસ સુધી ચાલે છે. માલધારી સમાજ ભગવાન શ્રીકૃષ્ણને પોતાના ઈષ્ટદેવ માને છે. એટલે 'જન્માષ્ટમીનો મેળો' ચારેય પ્રદેશમાં ભરાય છે. પરંતુ સૌથી ભવ્ય મેળો હાલારનો ગણાય છે. કચ્છ-બન્ની પ્રદેશમાં દરેક મેળામાં માનવ મહેરામણ ઉમટી પડે છે. હિન્દુ, મુસ્લિમ, શીખ, પારસી દરેક જ્ઞાતિ-જાતિના લોકો મેળો માણે છે. શ્રદ્ધાના તાંતણે બંધાયેલો માનવી જીવનની ઘરમાળમાંથી રાહત મેળવવા મેળા તરફ આકર્ષાય છે. કચ્છી-કન્યાઓ રંગબેરંગી વસ્ત્રોમાં અને અલંકારોથી સજ્જ થઈ મેળો માણવા ઉમટી પડે છે.

પંચાળનો સૌથી ભાતીગળ મેળો 'તરણેતરનો મેળો' ગણાય છે. ભાદરવા સુદ ૩-૪-૫ એમ કુલ ત્રણ દિવસના આ મેળામાં સમગ્ર ગુજરાતના માલધારીઓ મેળામાં ભેગા થાય છે. વેરાન વગડા વચ્ચે ત્રણ દિવસ આ સ્થળ માનવ મહેરામણથી ધબકતું લાગે છે. દેશ-વિદેશના પ્રવાસીઓને આ મેળો આકર્ષે છે. તમામ જ્ઞાતિ-જાતિના લોકો રંગબેરંગી પોશાકમાં આ મેળો માણવ આવે છે. છત્રીનૃત્ય, હુડો અને ટીટોડા જેવા રાસ, વિશિષ્ટ લોકનૃત્યને લીધે તરણેતરનો મેળો જગમશહૂર બન્યો છે. તરણેતરનો મેળો એટલે આનંદ, યુવાની અને કળાનો અનેરો સંગમ. જ્યારે ગીરમાં વસતા માલધારીઓ માટે જૂનાગઢમાં

'શિવરાત્રીનો મેળો' મહત્ત્વનો છે. આ ઉપરાંત માધવપુરનો મેળો પણ એટલો જ પ્રખ્યાત છે. આ મેળામાં શ્રીકૃષ્ણ અને રુકમણીના લગ્નનો સમારંભ યોજાય છે. ચૈત્ર મહિનામાં ચાર-પાંચ દિવસ સુધી આ મેળો ચાલે છે. આ મેળા વિશે એક પંક્તિ જાણિતી છે.

'માધવપુરનો માંડવો આવે જાદવકુળની જાન,
પરણે રાણી રુકમણી જયાં વર દુલ્હા ભગવાન'

આમ, મેળો એ ભકિત, શક્તિ અને સૌંદર્યનો ત્રિવેદી સંગમ છે. લોકઊર્મિની અભિવ્યક્તિનું સહિયારું સ્થાન છે. મેળો થાકેલા માનવીનું મન હળવું ફૂલ બનાવી નવી તાજગી આપે છે.

## લોકસાહિત્ય :-

લોકસાહિત્ય એટલે લોકોનું સાહિત્ય લોકસંસ્કૃતિનું ! વિશાળ વટવૃક્ષની તે એક શાખા છે. કોઈપણ પૂજાનું આદિમસાહિત્ય એનું લોકસાહિત્ય છે. જીવનમાં સુખ દુઃખ, મિલન, વિરહ, શોક-આનંદ વગેરેની ઘડીઓ સ્વભાવિક આવતી રહે છે. લોકસાહિત્યનું પ્રયોજન જોતા જીવાતા આદિ જીવનને ધબકતું અને ઉજમાળ રાખવાનું છે. લોકસાહિત્યના પ્રેરકબળ તરીકે ઊર્મિઓનું પ્રાગટય સાહજિક થાય છે. લોકસાહિત્ય અને લોક મહેરામણનો સંસ્કાર સમૃદ્ધિનો ભંડાર છે. સાહિત્યની અટવાણીના દરેક કાળમાં વહેતા રસળતા લોક સાહિત્યના ઝરણાની સમૃદ્ધિને આભારી છે માનવીનું જીવન પ્રકૃતિ સાથે પ્રકૃતિના તત્ત્વો સાથે વણાયેલું હતુ. વન, નદી, ઝરણા, ડુંગરા, ફૂલો, લત્તા અને તેમાં રહેતા પશુ, પક્ષી સાથે સહજ જીવનના માનવી પોતાના હૃદયના ભાવોને વ્યક્ત કરતો થયો. તેમાંથી લોકનૃત્યનો જન્મ જ થયો. લોકસાહિત્યની વ્યાખ્યા આપતા જયમલ્લ પરમાર નોંધે છે. 'લોકસાહિત્ય એટલે જેને કોઈની કૃતિ ન કહેવાય જે શ્રૃતિમાં હોય લોકમાનસની પ્રકૃતિ પ્રકટ કરે લોકબોલીઓમાં હોય અને જેમા લોકોનું આદિતત્વ રહેલું હોય તે લોકસાહિત્ય.'

લોકસાહિત્યમાં વિવિધ પાસાઓને ઉખાણા, હાલરડાં વગેરે અલગ-અલગ પ્રદેશમાં તેનું વર્ણન થયુ છે. કેટલુક લોક સાહિત્ય સમાન છે તો કેટલુક ભિન્ન પણ જોવા મળે છે.

## લોકગીત :-

લોકસાહિત્યની અંદર લોકગીતનું મુખ્ય સ્થાન છે. વિવિધ અંગ ઉપાંગો લોકગીતમાં ઉતરી આવ્યા છે. વિવિધ પ્રદેશમાં જ્ઞાતિઓમાં આ લોકગીત વિવિધ રીતે સાંભળવા મળે છે. કુદરતને ખોળે વિહરતી માલધારી સ્ત્રીઓના અંતરના ઉદ્ગારો પ્રણ્ય, સ્વાર્પણ, દિલાવરી, વિરતા વગેરે લોકગીતમાં જોવા મળે છે. લોકગીતની વિશેષતાએ છે કે, તે નારી સંવેદનાનું વાહક છે. મોટે ભાગે નારી હૃદયના

ભાવો માતૃવાત્સલ્ય જેમા પ્રણયરાગ તેની કરુણતા તેમજ મંગળ અને દુઃખદ પ્રસંગોનું આલેખન લોકગીતમાં થાય છે. લોકગીતમાં ઘરસંસારના કડવા મીઠાં અનુભવો તેમા રજૂ થાય છે.

ગીર, પંચાળ અને હાલારના લોકગીતોમાં કૃષ્ણવિષયક લોકગીતોમાં સામ્યતા જોવા મળે છે. આ ત્રણેય વિસ્તારના માલધારી સમાજમાં કૃષ્ણ ભગવાનને તેઓ ઈષ્ટદેવ માને છે અને જન્માષ્ટમીનો ઉત્સવ પણ ધામધૂમથી ઉજવે છે. એટલે તેમના લોકગીતમાં કૃષ્ણ ભક્તિ દેખાય આવે છે. **ગીર**ની માલધારી સ્ત્રીઓ શ્રીકૃષ્ણને પોતાની સાથે રાસ રમવા બોલાવે છે. તેનું વર્ણન નીચેના લોકગીતમાં જોવા મળે છે.

કાનુડે કવરાવ્યા ગોકુળિયામાં કાનુડે કવરાવ્યા
સૂતેલા બાળ મારે વાલે જગાડયા...
રે રમતાને રોવરાવ્યા ગોકુળિયામાં...

**પંચાળ**ની માલધારી સ્ત્રીઓ નીચેનું કૃષ્ણ વિષયક લોકગીત રજૂ કરે છે.

ગોકુળ મેલીને મથુરામાં શું મોયા
ગોપીયુ જુએ છે તારી વાટ ગોવાળિયા
ઉતારા દેશુ ઓરડા ગોવાળિયા
દેશુ મેડીના મોલ ગોવાળિયા
ગોકુળ મેલીને મથુરામાં શું મોયા....

હાલારની સોરઠિયા રબારી સ્ત્રીઓમાં એક તાળી સાથે રાસડા સ્વરૂપે કૃષ્ણભક્તિનું લોકગીત ગાય છે.

"વાગે છે વાગે છે મધુપુરમાં મોરલી વાગે છે
હા...હા... વાગે છે, વાગે છે, મધુપુરમાં મોરલી વાગે છે,"

જ્યારે કચ્છ-બન્નીના લોકગીતો ગીર, પંચાળ અને હાલાર પ્રદેશ કરતા જુદા પડે છે. ત્યાં વર્ષો પહેલા પાણીની તંગી હતી ત્યારે પનિહારી કૂવે પાણી ભરવા કેમ જાઉ ત્યાં પવન લાગે, માથાની વેણી વીંખાઈ જાય, ફૂલડાં કરમાય જાય, જેવી ફરિયાદો કરતું લોકગીત જોવા મળે છે.

'કૂવે પાણીડા કી વિઝાં ! પવન તો લગે
પવન તો લગેરે નજર, તીલગે કૂવે'
મૂંજી વેણી પીખાંજે, પવન તો લગે,
મૂંજી ફૂલડા કરમાજે નજર તી લગે... કૂવે'

કચ્છ-બન્ની અને પંચાળના અમુક લોકગીતોમાં પશુ-પક્ષીઓને પણ વણી લીધા છે. જેમકે,

'કુંજ વિડી આય ઘરીયા જે બેટ તે ને
ચુણજો નાંય પાર
કુંજલ મ મારા વીરા કુંજલ મ માર
હીરે કુંજલ વેઘી દરિયાપાર'

પંચાળ અને ગીર પ્રદેશમાં આવા લોકગીત વિખ્યાત છે.

'ઓતર દખણથી ચડી વાદળી રે લોલ
ઝરમરિયા વરસે ઝીણા મેઘ રાજ
જોરૂભા જેવો રાજા નૈ મળે રે લોલ.
પોપટ રૂવે છે પોપટ પાંજરે રે લોલ
મેના રોવે છે બારેમાસ રાજ.... જોરૂભા જેવો.'

હાલારના માલધારીઓ વાંઢયે જાય ત્યારે તેમનામાં જન્મભૂમિનું આકર્ષણ પ્રબળ હોય છે. અગરવચ્છા ચારણોમાં દેશપ્રેમ વ્યક્ત કરતું આ લોકગીત પ્રચલિત છે.

"આપડા મલકના માયાળુ માનવી
એ માયા મેલીને મત જાવ દરબાર
હાલોને આપણા મલકમાં..."

ગીર, પંચાળ અને હાલારના માલધારીઓના લોકગીતમાં થોડેઘણો અંશે સામ્યતા જોવા મળે છે. કચ્છ-બન્નીના લોકગીતોમાં ભિન્નતા જોવા મળે છે. કચ્છ-બન્નીમાં 'બન્નીભરત' જગ મશહૂર છે. 'બન્નીભરત'માં ટાંકો ભરવાનું કામ શીખવું મુશ્કેલ છે. એટલે કન્યા નાની હોય ત્યારથી તેને તાલીમ આપવામાં આવે છે. જો બન્નીભરત નહી આવડે તો સાસરિયામાં કેવી મૂંઝવણ થશે તે લોકગીતમાં પ્રગટ થાય છે.

'આઉ મલીર વિના અચ્છા મોતી
સનુ સેંભો નથી જાણા સિંધીયાણી,
મૂંજા બાપા ઘોરાયો મૂકે ભલે ભાતે
સનુ સેંભો નથી જાણા સિંધિયાણી'

બન્નીના લોકો વ્યવસાય અર્થે વતન છોડે છે. સગા સંબંધીઓની વિદાય લે છે. ત્યારે આવું લોકગીત ગવાય છે. જે અન્ય પ્રદેશોમાં જોવા મળતુ નથી.

'ડૂરતી વેના, પરદેશી વેના
મૂંજો લચું સફર, સિંધ મે આઉ ડૂરતી વેના
મામા મોકલાયો- વરી અચાં ન અચાં મૂંજો'

હાલારમાં ભોપા રબારીના રાસડામાં પતિને રસિયાનું અને રસીલાનું સંબોધન કરતા રાસડા જોવા મળે છે.

‘લીંબુડા ઝૂલે તારા બાગમાં રે લોલ (૨)
હારે મારો રસીલો ઝૂલે પરદેશ રે...
લીંબુડા ઝૂલે તારા બાગમાં રે લોલ...’

**હાલરડાં :**

‘હાલચું’ શબ્દ પરથી ‘હાલરડું’ શબ્દ ઉતરી આવ્યો છે. અંગ્રેજીમાં તેને ‘કેટલ સોગ’ હિન્દીમાં તેને ‘પાલનેગીત’ કહે છે. તેના પરથી ‘હાલેરા’ અને તે પરથી ‘હાલરડા’ શબ્દ ઊતરી આવ્યો છે. જેને ‘હાલરાં ગાંવ કે નાના બારના’ પછી હાલરડાં ગાઉ રે નાના બાળના હાલરડા એટલે લોકગીતોના પ્રથમાકુંર, નાના કૂણા નવા ફૂટેલા લોકગીતો. જ્યાંથી જીવનનું પ્રથમ કાવ્યઝરણ ફૂટીને વહેવા માંડે છે. નાના બાળકને હીંચોળતી માતાના હાલરડામાં કાવ્ય, નૃત્ય અને સંગીતનો ત્રિવેણી સંગમ રચાય છે. શ્રી ઝવેરચંદ મેઘાણી કહે છે તે મુજબ ‘બાળક દામ્પત્ય પ્રેમનું નવજાત ફળ છે. પુત્ર જન્મ દ્વારા તેનો સંસાર સ્વર્ગ બની જાય છે કોઈ સુભગ ઘડીએ પ્રભુએ માતાના દેહમાં બાળક મેલ્યુ અને સરસ્વતીએ માતાના કંઠમાં હાલરડું મેલ્યુ. તે હાલરડાના સૂર આ પૃથ્વીને આરે ઊતર્યા.’[૩]

હાલરડામાં માતાની મમતા પ્રગટ થાય છે. માલધારી જાતિ ભટકતુ જીવન જીવતી જાતિ છે. તેને માલના ચરિયાણ માટે ઠેર-ઠેર ફરવુ પડે છે. તેઓ બાળકને વન-જંગલમાં ઝાડની ડાળીએ પારણું બાંધીને તેમને હીંચોળે છે. આવુ અસ્થિર જીવન હોવા છતાં માતાએ વાત્સલ્ય ભાવને ગાયો છે. માણસના જન્મની સાથે જ હાલરડાનો પણ ઉદ્ભવ થયો હશે. એમ માની શકાય. કેમકે માતાનો હર્ષ અને ઊર્મિઓ વહેવડાવતો ઉલ્લાસ બાળકના ઉછેરમાં કારણભૂત બન્યા હશે. માતાને ખોળે બાળક નિર્ભયતાથી સુએ અને માતાના હૈયામાંથી ઊર્મિનો ઉદ્ગાર ઉછાળા સાથે નીકળે તે લય અને પ્રાસ આપે. ખોળામાં સૂતેલા બાળકની પીઠ પર માતાના હાથની આંગળીઓ વડે થાબડીને તાલ પરથી એ ગીત ધૂન બાળકને ઘેન ચઢાવી પોઢાડી દેતી હોય છે.

હાલરડામાં પણ આપણને પ્રદેશ, બોલી ભેદ, જ્ઞાતિભેદ જોવા મળે છે. હાલરડા ચારેય પ્રદેશમાં માલધારી સ્ત્રીઓ પોતાના બાળકને સુવડાવતી વખતે ગાય છે. કયાંય સમાનતા તો કયાંય જુદાપણું તેમા દેખાય આવે છે.

ગીરની માલધારી સ્ત્રીઓ આ પ્રકારના હાલરડાં ગાય છે.

‘‘હાલરડે હીરની દોરી
મારા જાગાને નીંદર આવે ઓરી’’

જ્યારે 'હાલાર'માં ભટકતુ જીવન જીવનારી લોકજાતિની અભણ માલધારી સ્ત્રીએ વાત્સલ્યભાવ આ રીતે ગાયો છે.

''હીંચકો વા લા હીરની દોરીએ
હા...આ...આ...હા...લા... આહાલ...આ''

ભરવાડ જ્ઞાતિના હાલરડામાં માત્ર સ્વરોનો આરોહ અવરોહ જોવા મળે છે. તેના શબ્દો તો બે ચાર જ આવે છે. પરંતુ એનુ સંગીત જ એવું છે કે બાળક નિદ્રાવશ બની જાય.

હાલા...વાલા...હા... વાલા...આ...આ.

હાલારની ભોપારબારીમાં નીચેનું હાલરડું પ્રખ્યાત છે.

'સવારે સોનાનું મારું પારણિયું
નેહીરની દોરીએ હીંચોળુ કાના પોઢોને'

માતૃહૃદયની પોતાના બાળક માટેની વૈભવશાળી કલ્પના અહીં નિરુપાયી છે. શ્રી કૃષ્ણને સંબોધીને ગવાયેલ આ હાલરડામાં માતા બાળકમાં બાલકૃણનું દર્શન કરે છે.

પંચાળની માલધારી સ્ત્રીઓના હાલરડા ગીર અને હાલાર પ્રદેશના હાલરડાની વચ્ચે સમાનતા રહેલી છે. તેમાં કોઈ જુદા પણુ દેખાતુ નથી. પરંતુ કચ્છ-બન્નીના મુસ્લિમ માલધારીઓના હાલરડામાં બોલીનો ભેદ જોવા મળે છે. હાલરડામાં માતાનો વાત્સલ્ય ભાવ તો સરખો જોવા મળે છે. દરેક માતા બાળકને પોઢાડતી વખતે જશોદામાતા અને તેનું બાળક તે શ્રીકૃષ્ણ બની જાય છે. વિશ્વભરના લોક સાહિત્યમાં હાલરડાના સ્વરૂપમાં ઘણું સામ્ય જોવા મળે છે. અહીંની સ્ત્રીઓ કચ્છી ભાષામાં હાલરડું નીચેનું ગાય છે.

'હિન રે કુંજલ કે નથડી જો સુણધો
ટિલડિયો રોહિલો કે વણતાલ કુંજલ'

કચ્છ-બન્ની પ્રદેશમાં પાણીની તંગી હોવાથી માતા- હાલરડામાં એ વ્યથા નાની બાળાને પારણિયામાં પોઢાડતી વખતે ગાય છે.

'કાંભિયે એ લોડ
પચણી ભર રે છોરી ડાહ્યલી'

કચ્છ-બન્નીના ઘણા માલધારીઓ હિન્દુ-મુસ્લિમ બન્ને ધર્મ પાળે છે. પોતાના સંતાનની રક્ષા માટે માતા હાલરડા સ્વરૂપે ગાય છે.

‘અલ્લા મેલ અલ્લાહું અલ્લાહ
મૂંજે બચ્ચે મ અલ્લા લાયલા ઈલ્લા
મૂંજે ફકીરે જો અલ્લા’

આમ, હાલરડામાં પ્રદેશ, બોલી, જ્ઞાતિભેદ ક્યાંક સામ્યતા તો કયાંક જુદાપણુ જોવા મળે છે.

**લોકકથા :**

લોકકથા વિશે ડૉ. હસુ યાજ્ઞિક કહે છે જે કથા કોઈ એક જ વ્યક્તિની કલ્પનામાંથી જન્મી નથી. પરંતુ વિવિધ લોકો દ્વારા વિવિધ તબક્કે અને વિવિધ રીતે કહેવાઈને સિદ્ધ થઈ તે લોકકથા, લોકકથામાં હાસ્યકથા, પ્રેમકથા, વીરકથા, ચાતુરીકથા, પરીકથા, પંખીની કથાઓ વગેરેનો સમાવેશ થાય છે.[૪]

ગીર, પંચાળ, હાલાર અને કચ્છ બન્ની પ્રદેશ આમ ચારેય પ્રદેશની લોકકથાના અભ્યાસ પરથી જણાય છે કે અમુક લોકકથાઓમાં સમાનતા જોવા મળે છે. ગીર અને કચ્છ-બન્નીની પ્રેમકથા જેવી કે ‘વીર-માંગડાવાળો’ અને ‘સસઈ-પન્હુ’ અને ‘હોથલ પદ્‌મણી’ જેવી લોકકથામાં સામ્યતા જોવા મળે છે તો વળી હાલાર અને પંચાળની લોકકથામાં તફાવત જુદાપણું જોવા મળે છે. પંચાળમાં ‘ખાનદાની’ની લોકકથામાં બીજલની ખાનદાની વર્ણવાઈ છે. લગ્નપ્રસંગે રૂપિયાની જરૂર પડતા એજ નાણા ગમે તે રીતે શેઠને પાછા આપવા જાય છે ત્યારે શેઠ માત્ર શુકનરૂપે નાણા લે છે. તો ‘એકલવીર જોધો ભરવાડ’માં ગાયોને હાંકી જનાર કાઠી ઉપર એકલો જોધો ભરવાડ રણસંગ્રામમાં ઊતરી પડે છે. પોતાની ગાયો પાછી વાળી લીધી છે પણ યુધ્ધમાં મૃત્યુ પામ્યો. આમ ગાયોની રક્ષા માટે પોતાના બલિદાન આપ્યા છે. એવા વીરસપૂતોની કથા આજે પણ સાંભળવા મળે છે. તો ‘એક તેતરને કારણે’ લોકકથામાં એક પક્ષી માટે સોઢા રાજપૂતો એ ૫૦૦ ચભાડોને ૧૪૦ સોઢાઓને યમદ્વારે પહોંચાડી દીધા. એમા એમની શૂરવીરતાના દર્શન થાય છે. ગીરની લોકકથામાં પ્રેમના બલિદાનની વાત કરવામાં આવી છે. ‘દેહના શૂરા’ માં રાણા અને કુંવરની પ્રેમકથામાં લગ્ન કરી એક ન થઈ શકયા પણ સ્વપ્નમાં સતત મળતા રહ્યા તેવી અજોડ પ્રેમકથા નિરૂપાય છે. આવી જ લોકકથા કચ્છ-બન્નીમાં પણ જોવા મળે છે. ‘મૂમલરાણા’ની કથામાં મૂમલ રાણાને મેળવવા તલપાપડ હતી. પણ રાણાને મૂમલ માટે મનમા શંકા ઊભી થતા તેને તરછોડે છે. પણ અંતે કાક મહેલમાં મૂમલ સતી થઈ હોવાનું જાણતા રાણાને પોતાની ભૂલ સમજાય જીવના એક ન થયા પણ પછી રાણો મૂમલની ચિતામાં પ્રવેશી. પ્રેમનો એકરાર કરે છે. એવી જ બીજી લોકકથા ગીરમાં ખૂબ જ પ્રચલિત છે. ‘ભૂત રૂવેં ભૈકાર’માં ‘વીર માંગડાવાળા’ની પ્રેમ કથા વર્ણવાઈ છે. માંગડો અને પદ્‌માવતી જંગલમાં રહીને દિવસે આગ હોય છે અને રાત્રે માયાવી દરબારગઢ ઊભો થાય છે તેમાં માંગડો ભૂત માનવીની કાયા કરીને પદ્‌માવતીની સાથે રહે છે પરોઢિયે એ માયા સંકેલાઈ જાય છે. પદ્‌માવતી સળગતી તો હાલારની લોકકથામાં પુરાણકથા, દંતકથા, સામાજિક કથા,

પ્રાણીકથા, વ્રત કથા, પ્રેમકથા વગેરે જોવા મળે છે. પુરાણકથામાં પૃથ્વીની ઉત્પત્તિની અને સૃષ્ટિનું સર્જન, માલધારી, રબારી અને ચારણ જાતિની ઉત્પત્તિ કથા જોવા મળે છે. દંતકથામાં 'સાત બહેનોની કથા' 'મચ્છોતમાતની કથા' જોવા મળે છે. તો સામાજિક લોકકથા સામાજિક સંબંધો અને ભાવનાઓનું સ્પષ્ટી કરણ કરે છે. સ્નેહ, ઉદારતા, સહાનુભૂતિ, માયા, મમતા, દ્વેષ, ક્રોધ, ઈર્ષ્યા વગેરેનું વર્ણન કરતી લોકકથા જોવા મળે છે. માલધારી લોકોમાં તેમના સામાજિક અને પારિવારિક જીવનના વિવિધ પાસાઓનું સચોટ નિરૂપણ કરતી લોકકથા મોટા પ્રમાણમાં મળે છે. જેમાં 'લોડકી સાસુ'ની કથા અગરવચ્છા ચારણોમાં પ્રચલિત છે. તો ભરવાડ જ્ઞાતિમાં સાસુ-વહુના સંબંધ ધરાવતી 'લઉપૂતર ખોયો' ની કથા પ્રચલિત છે. પ્રાણી કથાઓમાં 'શિયાળ અને મગરમચ્છની ભાઈબંધી' તથા 'સોમાત સડબડે ને લાળ મતલડબડે' તેમજ 'કાગડો ને પોપટ' કથામાં કાગડાની સ્વાર્થવૃત્તિ અને પોપટની નિર્દોષતાનો ખ્યાલ આવે છે. હાલારની મોટાભાગની લોકકથાઓ અન્ય પ્રદેશ કરતા જુદી તરી આવે છે.

કચ્છ-બન્ની પ્રદેશની લોકકથા સૌથી ઉત્તમ પ્રકારની લોકકથા છે. 'ઉમરમારુઈ', 'સસઈ-પન્હુ', 'સુહિણી-મેહર', 'મૂમલ રાણો', 'લીલા ચનેસર', 'રાયદિયાસ', 'નૂરજામતમાસી', 'મોઈડો મિયાણો,' 'લાખો ફૂલાણી', અને 'હોથલ-પદ્મણી' જેવી ઉત્તમ પ્રણ્યે લોકકથા આ પ્રદેશમાં પ્રચલિત છે. 'ઉંમર-મારુઈ' માં ઉમર સુમરા મારુઈને પ્રેમ કરતો હતો પણ મારુઇ તો ખેતસેનને દિલ આપી બેઠી હતી. એટલે તો મારુઈને રણની સીતા કહી છે મારુઈના સતીત્ત્વ આગળ ખેતસેન અંતે ઝૂકી જાય છે. 'સસઈ-પન્હુ'માં સસઈ અને પન્હુના એક સાચા પ્રેમની કથા વર્ણવાઈ છે. ગીરની લોકકથામાં વીર માંગડાવાળાની લોકકથા જેવી આ કથા છે. તો 'સુહિણી-મેહાર' ની લોકકથા પણ જીવતા એક ન થઈ શકયા પણ સુહિણીના વિરહમાં મેહાર પણ તેના મૃત શરીરને ભેટીને મૃત્યુ પામે છે.

'લીલા અને ચનેસર'ની લોકકથામાં પ્રણ્યત્રિકોણ રચાય છે જામ ચનેસર, રાણી કોરૂકુમારી અને રાણી લીલાદેવીની પ્રણ્યકથા નિરૂપાયેલી છે. એવી જ બીજી પ્રણ્યકથા 'હોથલ-પદ્મણી'ની કચ્છ-બન્નીમાં ખૂબ જ પ્રચલિત બની છે. ઓઢોજામ અને પદ્મણી સાથે થાય છે. પુત્ર જમ્યા પછી મોટા થયા અને જુદા પડે છે. પણ પછી ઓઢો હોથલના વિરહમાં ઝૂરે છે. પુત્રના લગ્નમાં હોથલ પદ્મણી આવતા રોકાઈ જાય છે અને ફરી બન્ને જીવનું મિલન થાય છે. સૌથી શ્રેષ્ઠ લોકકથા કચ્છ-બન્નીની હોય તો 'લાખો ફૂલાણી' કચ્છના ઈતિહાસમાં અમરકથા બની ગઈ કહેવાય. જામ ફૂલને પાંચ રાણીઓ હતી. તેમા રબારી કન્યા સોનલના કૂખે લાખો કુમાર જન્મ્યો તે ફૂલનો પુત્ર હોવાથી ફૂલાણી કહેવાયો.

## કહેવતો :

ગીરના માલધારીઓ પંચાળના માલધારીઓની કહેવતો વચ્ચે સામ્યતા રહેલી છે. કહેવતો ટૂંકી અને માર્મિક રહેલી છે. જેમકે ભરવાડની દીકરી કુંવારી રહે પણ દૂધ, કુંવારુ ન રહે તેમજ 'દૂધના દૂધમાં ને પાણીના પાણી'માં વગેરે કહેવાતોમાં સામ્યતા રહેલી છે. અમૂક કહેવતો પ્રદેશના અનુસંધાનમાં હોય તેમાં જુદાપણું પણ દેખાઈ આવે છે. બન્ને પ્રદેશના માલધારી સમાજમાં એકતાનો ભાવ દર્શાવવા માટે નીચેની કહેવત બોલાય છે.

'ડાંગે માર્યા પાણી જુદા ન પડે.' આ કહેવતમાં તેની એકતાના દર્શન થાય છે. કહેવતો રામબાણ સમાન છે. ગીર અને પંચાળના માલધારીઓ ભણ્યા ઓછુ પણ ગણ્યા વધુ. વૃધ્ધ લોકોના સંપર્કમાં આવતા ખબર પડે કે કહેવતોનો ભંડાર તેમની પાસે પડેલો છે. દૂધ, ઘી, માખણનો વ્યવસાય કરતા માલધારીઓમાં નીચેની કહેવત પ્રચલિત છે.

'છાશમાં માખણ જાય ને વહુ કુવડ કહેવાય'

પંચાળ કરતા ગીરના માલધારીઓ પાસેથી વધુ કહેવતો મળે છે. આથી કહી શકાય કે ગીરના માલધારીઓ પંચાળના માલધારીઓ કરતા શિક્ષણમાં આગળ છે. હાલારના માલધારીઓની કહેવતો ખાસ કાંઈ અલગ નથી. ગીર, પંચાળ પ્રદેશ કરતા હાલારમાં કહેવતોનું પ્રમાણ સહેજ ઓછુ છે. જે કંઈ કહેવતો મળે છે તે ઉપરની કહેવતોની સાથે સામ્યતા ધરાવે છે. સૌથી વધારે કહેવતો કચ્છ-બન્ની વિસ્તારના માલધારીઓમાં જોવા મળે છે કચ્છના દુલેરાય કારાણી કહેવતો વિશે કહેતા કે ''દેશના ડાહ્યા લોકાના ડહાપણમાંથી કહેવતો ઘડાઈ જાય છે. કહેવતો ટૂંકી હોય છતાં સચોટ હોય છે. લોકબોલીની ચાળણીમાંથી ચળાઈ-ચળાઈને કહેવત બહાર આવે છે અને ઘાટ ઘડાય છે." બન્નીના માલધારીઓમાં નીચેની કહેવતો ખૂબ જ પ્રચલિત હતી.''[૫]

'ભલીયું તેજ્યુ ઠલીયુ, ને ઠલીયુ તેજ્યું ભલીયુ.'

'કારી તે કે નીત ડયારી'

'ખીલો ખીલ ડે તમે કેમ ધારે,'

જેવી કહેવતો માલધારી સમાજમાં પ્રચલિત છે.

ચારેય પ્રદેશની કહેવતો પરથી સિદ્ધ થાય છે કે સૌથી વધુ કહેવતો કચ્છ-બન્નીના માલધારી સમાજમાં બોલાય છે. ગીર-પંચાળ અને હાલારમાં કહેવતો સિમિત છે. જ્યારે કચ્છ-બન્ની પ્રદેશની કહેવતનો ભંડાર કહી શકાય. તેઓ માત્ર ગાય, ભેંસ, ઘેટા-બકરા, ઉંટ, પરથી જ કહેવત નથી બનાવી, સમાજની એકતા, સંપ, બહાદુરી, નસીબ, ઈશ્વર, કચ્છી-માડું, રાજા, પ્રધાન, પ્રદેશ, સંત, શૂરવીર, ફકીર, દુષ્કાળ, પક્ષી, વગેરેને અનુલક્ષીને કહેવતો રચી છે.

### ઉખાણાં :

ઉખાણામાં રાજીપો, મુંઝવણ, સમસ્યાઓ અને એની શ્રદ્ધાઓ અને એમનું વૈવિધ્ય જોવા મળે છે. ઉખાણામાં સ્મૃતિશક્તિ અને સામાન્ય જ્ઞાનની કસોટી થતી હોય છે. ઓછા શબ્દોમાં ગણિત અને સૃષ્ટિ વિશેનું જ્ઞાન ઉખાણામાં જોવા મળે છે. ગીર અને પંચાળના માલધારીઓમાં અમુક ઉખાણામાં સામ્યતા જોવા મળે છે. જેમકે

'ગણ્યા ગણાય નહીં ને વિણ્યા વિણાય નહીં - છાબડીમાં માય નહી'

આ ઉખાણું બન્ને પ્રદેશના માલધારી સમાજમાં બોલાય છે. પંચાળની માલધારી સ્ત્રીમાં એક ઉખાણું બુદ્ધિ કસોટી તરફ દોરી જાય છે. એક કન્યાના પિતા બીજા ગામમાં ખરીદી કરવા જાય છે. વચ્ચે નદી છે. ચોમાસાના દિવસો છે. કોઇ તેણીને પૂછે છે તારા પિતા કયારે પાછા આવશે ત્યારે તેની કહે છે.

'આવશે તો નહી આવે, નહી આવે તો આવશે'

હાલારના માલધારી સમાજમાં ઉખાણાની પ્રથા બહું ઓછી છે. જ્યારે કચ્છ-બન્નીના મુસ્લિમ માલધારીઓમાં ઉખાણાનો ખજાનો ભર્યો છે. કચ્છી લોકોમાં 'પરોલી' શબ્દ વપરાય છે. બન્નીના માલધારીઓ સાંજે વાળુ કરીને એકબીજાને ઉખાણા પૂછતા હોય છે. પશુઓ સાથે વનવગડામાં ભટકતા માલધારીઓ મનોરંજન માટે ઉખાણાનો સહારો લે છે. ''પરોલીએ જ્ઞાનવર્ધનનું એક મહત્ત્વનું સાધન છે. પરોલી બાળક, યુવાન, વૃધ્ધ સૌને ગમે છે. તેનાથી તર્કશક્તિ અને બુદ્ધિ શક્તિનો વિકાસ થાય છે. તેમના ઉખાણામાં 'રામાયણ', 'મહાભારત' અને ઈતિહાસનું અસ્તિત્વ છે. માનવ શરીર માટે પ્રખ્યાત ઉખાણુ છે.''[૬]

(૧) કચ્ચા તો અચ્છા લગે, અધપક મીઠા હોય
એક ફળ એસા હે સખી, પાકે કડુઆ હોય

(૨) કારી કુકડી ઢકે અને ધોરો કુકટ ઉપરે,

(૩) વનવગડે મે નીલી જાજમ

આમ, ગીર અને પંચાળનાં માલધારીઓમાં થોડા પ્રમાણમાં ઉખાણા પ્રાપ્ત થાય છે. હાલાર પ્રદેશમાં નહીવત ઉખાણા છે. જ્યારે કચ્છ-બન્ની પ્રદેશમાં પુષ્કળ ઉખાણા પ્રાપ્ત થાય છે. માનવશરીર, પશુ, પંખી, આકાશ, તારા, પૃથ્વી, ફળ, ફૂલ, ઘાસચારો, ઘી, દૂધ, છાશ, માખણ, ધાન્ય વગેરેને લગતા ઉખાણા મળે છે. આથી કહી શકાય કે ચારેય પ્રદેશમાં કચ્છ-બન્નીના માલધારીઓ ઉખાણા કહેવામાં પાવરધા છે. એટલે જ દુલેરાય કારાણી કહે છે. 'પરોલીમાં ઈતિહાસ છે, ભૂગોળ છે. ધાર્મિક અને સામાજિક તત્ત્વોનુ' પણ તેમાં અસ્તિત્વ છે.

**દુહા :**

દુહાને દશમો વેદ કહેવામાં આવે છે દુહો લોકસાહિત્યનું સુઘટ્ટ વેધક સાહિત્ય-સ્વરૂપ છે. ગીરના માલધારીઓના દુહાઓ ગુજરાતમાં જ નહી ભારતભરમાં વખણાય છે. ગીર, પંચાળના માલધારીઓ વનવગડે ગાયો-ભેંસો, ઘેટા-બકરા ચરાવતા હોય ત્યારે બગલમાં લાકડી ટેકવીને દુહા લલકારતા જોવા મળે છે. હાલર પ્રદેશમાં એવા દુહા જોવા મળતા નથી. ગીર, પંચાળ અને કચ્છ-બન્નીના માલધારીઓના મુખે દુહાઓ ગવાયા છે. દુહામાં પ્રદેશપ્રેમ, પ્રણ્ય ગોષ્ઠી, શૂરવીરતા, વતનપ્રેમ, જેવા ભાવો જોવા મળે છે. ગીર, પંચાળ અને કચ્છ-બન્નીના કેટલાક દુહામાં સામ્યતા તેમજ ભિન્નતા પણ જોવા મળે છે.

(૧) સોરઠ ધરતી જગજૂની, જૂનો ગઢ ગિરનાર,
સાવજડા સેંજળ પીએ, એના નમણા નરનેનાર
**(ગીર પ્રદેશ)**

(૨) કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ
નટ પટાધર નીપજે, ભોય દેવકો પાંચાલ
**(પંચાળ પ્રદેશ)**

(૩) શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,
ચોમાસે વાગડ ભલો, કરછડો બારેમાસ
**(કચ્છ-બન્ની)**

(૪) કાઠિયાવાડમાં કોકદી ભૂલો પડ ભગવાન
થાને અમારો મહેમાન
એ તને સ્વંગેય ભૂલાવું શામળા,

**(ગીર પ્રદેશ)**

(૪) નરનારી બન્ને ભલા કદી ન આંગણ કાળ,
આવેલને આદર કરો, પડ જોયો પંચાળ

**(પંચાળ પ્રદેશ)**

(૫) કીરા તું અઈયે નીરો, ઊભે બન્નીય બોક,
ડઈ હીયે મે ખોટ, કેરે કાછો છડે આ

**(કચ્છ-બન્ની)**

આમ, ગીર, પંચાળ, હાલાર અને કચ્છ-બન્નીના માલધારીઓનું લોકજીવન, લોકકલા અને લોક- સાહિત્યના સ્વરૂપોમાં પ્રજાનું માનસ. જીવન દર્શન, ધાર્મિક તથા આર્થિક વૃત્તિ, વ્યવસાય, રસ-રુચિ, ખોરાક, રહેઠાણ, પહેરવેશ, ઉત્સવો જેવા લોક-સંસ્કૃતિના વિવિધ લક્ષણો ભિન્ન-ભિન્ન સ્વરૂપે દશ્યમાન થાય છે એટલે કહી શકાય કે આપની ભાતીગળ સંસ્કૃતિના સંસ્કારો હજીય આ લોકોમાં સચવાયેલા જોવા મળે છે.

## સંદર્ભગ્રંથ-સૂચિ


૧. જયમલ્લ પરમાર, લોકસાહિત્ય વિર્મશ - ૧૯૮૫, પૃ.૨૦

૨. જેઠાલાલ ત્રિવેદી/મંગલા ત્રિવેદી, લોક સાહિત્ય શબ્દકોશ, અમદાવાદ-૧૯૭૮, પૃ.૩૧૭

૩. ઝવેરચંદ મેઘાણી, હાલરડા, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય-૧૯૫૫, પૃ. ૫ થી ૬

૪. હસુ યાજ્ઞિક, લોકવિદ્યા વિજ્ઞાન-૨૦૦૫, પૃ.૨૯, ૩૦

૫. દુલેરાય કારાણી, કચ્છનું લોકસાહિત્ય, પૃ.૧૦૮

૬. દુલેરાય કારાણી, કચ્છી પરોલી, પૃ.૧૧